## વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકો (Children with Special Needs-CWSN) માટે સામૂહિક શિક્ષણ પ્રશિક્ષણ

**પ્રસ્તાવના :**

સર્વ શિક્ષા અભિયાનમાં સંમિલિત શિક્ષણ વિકલાંગ બાળકોનું શિક્ષણ એક અત્યંત ઘટક તત્ત્વ છે. સર્વ શિક્ષા અભિયાનનો પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરવાનો ઉદ્દેશ વિકલાંગ બાળકોનું શિક્ષણ આપ્યા વગર સિદ્ધ કરી શકાય નહીં. દરેક શાળામાં કેટલાંક વિકલાંગ બાળકો હોઈ શકવાથી એક શિક્ષક તરીકે તમારે માટે ‘સંમિલિત શિક્ષણ’ અને ‘વિકલાંગ બાળકો’એ પદોના શા અર્થ થાય છે તે સમજવા આવશ્યક છે.

સંમિલિત શિક્ષણનો અર્થ થાય છે તમામ બાળકોને (વિકલાંગ હોય કે ન હોય) નિયમિત/સામાન્ય શાળામાં ભેગા મળીને શિક્ષણ મેળવવું. આ એક અભિગમ છે જે સૌ બાળકોના અન્ય લક્ષણો, રસ, ક્ષમતાઓ અને શીખવાની જરૂરિયાતોને ગણતરીમાં લે છે. તમામ શાળાઓએ તેઓના અભિગમમાં સંમિલિત થવું પડશે. જેથી આ શાળાઓ જેઓની અંદર જ તમામ બાળકોની જરૂરિયાતો પૂરી કરવાને સક્ષમ હોય તેવા બાળકેન્દ્રી શિક્ષણવિદ્યાને અવકાશ છે તેઓ વિકલાંગ બાળકોની નજીક આવે. ઉદાહરણ તરીકે, એક બાળક જે શીખવામાં ધીમું છે તેને શિક્ષકના વધુ ધ્યાનની જરૂર પડી શકે છે અથવા એક બાળક જેને દૃષ્ટિની/જોવાની કેટલીક સમસ્યાઓ હોય તો તેને કાળા પાટિયાની સામે તદ્દન નજીકમાં બેસાડી શકાય છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અને વિકલાંગ વ્યક્તિઓનો (સમાન તક, અધિકારીઓનું રક્ષણ અને સહભાગીતા) અધિનિયમ, 1995 અનુસાર કોઈપણ પ્રકારની વિકલાંગતા ધરાવતું બાળક 18 વર્ષનું થાય ત્યાં સુઅઓ યોગ્ય પર્યાવરણમાં નિઃશુલ્ક શિક્ષણ આપવાની જવબાદારી આપણી છે. તદ્‌ઉપરાંત સામાન્ય શાળામાં વિકલાંગ બાળકોનું સંકલન થાય તેવા પ્રયાસોને વેગ આપવાની સ્પષ્ટ જોગવાઈ છે.

વિકલાંગ બાળકો એ પદ એવા બાળકોનો સંદર્ભ દર્શાવે છે જેઓને દૃષ્ટિની, શ્રવણની, હરવા ફરવાની, શીખવાની અને માનસિકક્ષતિની સાથે જોડાયેલ સમસ્યાઓને કારણે શૈક્ષણિક જરૂરિયાતો છે. વિકલાંગ બાળકોની જરૂરિયાતો પૂરી કરવા સામાન્ય/નિયમિત શાળાઓએ સુધારા કરવાની જરૂર છે. જે તમામ બાળકોના સંમિલિત શિક્ષણને પ્રોત્સાહન આપે અને જે વિદ્યાર્થીઓની વિવિધતાને સમાવે તેમ જ તમામ બાળકોને શીખવાની સુવિધા પૂરી પાડે એવી સ્થિતિઓ સર્જવાના માર્ગ શોધી આપે.

- **ઉદ્દેશો :** આ ઉપઘટકના મુખ્ય ઉદ્દેશો છે શિક્ષક માટે -
  - બાળકોની મહત્ત્વની વિશેષ જરૂરિયાતો સમજવી.
  - જુદી જુદી વિશેષ જરૂરિયાતો હોય તેવા બાળકની નિશ્ચિત ઓળખ કરવી.
  - વિકલાંગ બાળકોના વર્ગખંડ સંચાલનની કેટલીક સમજ મેળવવી.

**‘જો હું તમે શીખવો તે રીતે નથી શીખતો, તો હું શીખું તે રીતે તમે શીખવો.’**

- **પ્રસંગો :** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકો માટે શાળાકક્ષાએ, વાલીએ અને સમાજે ધ્યાનમાં રાખવાની બાબતો માટેના પ્રસંગો અહીં વર્ણવેલા છે જે તાલીમ દરમિયાન પાત્ર અભિનયથી શીખીશું.

**પ્રસંગ-1:** સમસ્યા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં વિદ્યાર્થીની...

સંવાદ : (1) વાલીઓનું વલણ :

કનુભાઈ : અલ્યા રઘલા, તારો રમેશ મોટો થયો, કેમ ભણવા નથી મોકલતો ?

| | | |
|---|---|---|
| રઘુ | : | કનુભાઈ, રમેશને ઘેર રાખવાનું મને પણ ગમતું નથી, પરંતુ શું કરું ? |
| કનુભાઈ | : | કેમ શું કરું એટલે ? |
| રઘુ | : | કનુભાઈ, મારો રમેશ ખૂબ જ ઓછું જોઈ શકે છે. |
| કનુભાઈ | : | તો શું થયું ? |
| રઘુ | : | રમેશ એકલો શાળામાં જઈ શકતો નથી અને મને તો શાળામાં મૂકવા જવાનો સમય મળતો નથી. |
| કનુભાઈ | : | તો શું થયું ? મારા ભૂપત આ વર્ષે પહેલાં ધોરણમાં ભણવા મૂક્યો છે, તો તારા રમેશને સાથે શાળામાં લઈ જશે. |
| રઘુ | : | પણ કનુભાઈ તમારો ભૂપતને બે-પાંચ દિવસ લઈ જાય પછી કોણ લઈ જશે ? |
| કનુભાઈ | : | ના, ના, ભૂપત તેને દરરોજ સાથે લઈ જશે. |
| રઘુ | : | તો ચાલો, હું રમેશને પહેલા ધોરણમાં ભણવા મૂકું. |

**(2) બાળકોનું વલણ :**

| | | |
|---|---|---|
| (દૃષ્ટિહીન) રમેશ | : | ભૂપત મને પણ મારા બાપુએ ભણવા મૂક્યો. |
| ભૂપત | : | હા, રમેશ, મારા પપ્પાએ મને કહ્યું છે કે રમેશને તું રોજ સાથે લઈ જજે અને શાળાથી આવતા પણ સાથથ લઈને આવજે. |
| રમેશ | : | તે હેં, ભૂપત, તું મને રોજ લઈ જઈશ. |
| ભૂપત | : | કેમ નહીં ? મને પણ મજા આવશે. આપણે સાથે સાથે જઈશું અને સાથે આવીશું. |
| રમેશ | : | મને તો ભણવાનું ખૂબ જ ગમે છે. |
| ભૂપત | : | ચાલ રમેશ, આપણે શાળામાં જઈએ, લાવ તારો હાથ, પકડીને તને હું લઈ જઈશ. |
| રમેશ | : | હેં, ભૂપત, તને કંટાળો તો નહીં આવે ને ? |
| ભૂપત | : | અરે ના, જો આપણે ઘેરથથ નીકળીને રોડ ઉપર આવ્યા. ત્યાર પછછ આ દૂધની ડેરી આવી અને તેની પાછળ આપણી આ શાળા આવી. |
| રમેશ | : | આપણી શાળા આવી ગઈ ? |
| ભૂપત | : | હા, હા, આપણી શાળા આવી ગઈ. આપણે અત્યારે શાળાના મુખ્ય દરવાજાના પગથિયા ચડી રહ્યા છીએ, અહીંથી સીધા બગીચા વચ્ચેથી જઈશું એટલે ઑફિસ છે અને તેની બાજુનો રૂમ છે આપણો બેસવાનો રૂમ છે. |
| રમેશ | : | ભૂપત, આપણી શાળામાં બગીચો પણ છે ? |
| ભૂપત | : | હા બગીચો છે અને તેમાં સુંદર ફૂલ-છોડ પણ છે. આ, ગુલાબનો છોડ છે. આ મોગરાનો છોડ છે. આપણી શાળાની ફરતે કોટ પણ છે. |
| રમેશ | : | આ બેલ કેમ વાગ્યો ? |

ભૂપત : ચાલ, આપણે રૂમમાં બેસી જઈએ, બેલ એનો વાગ્યો છે. આ આપણો રૂમ છે. આપણા રૂમમાં એક બારણું અને ત્રણ બારીઓ છે.

રમેશ : આપણી શાળામાં બીજું શું-શું છે ?

ભૂપત : બધું આજે ને આજે પૂછી લઈશ ? હવે તો આપણે રોજ સાથે સાથે આવવાનું છે. હું તને થોડું થોડું જણવીશ.

રમેશ : મને તો તારી સાથે ખૂબ મજા પડે છે.

**પ્રસંગ-2 : શિક્ષકોનું વલણ પરિવર્તન...**

સંવાદ : રિસોર્ચ ટીચર્સ ગામની શાળાની મુલાકાત લે છે અને શાળાના શિક્ષકો પાસે વિકલાંગ બાળકોની માહિતી માંગે છે.

શિક્ષક : નમસ્તે, આવો, સાહેબ.

રિસોર્ચ ટીચર : નમસ્તે, તમારી શાળામાં કેટલા વિકલાંગ બાળકો છે ?

શિક્ષક : અમારી શાળામાં એકપણ વિકલાંગ બાળક નથી.

રિસોર્ચ ટીચર : ગામમાં તો વિકલાંગ બાળકો હશે ને ?

શિક્ષક : હા, ગામમાં વિકલાંગ બાળકો છે. હાથે-પગે અપંગ બાળકો છે.

રિસોર્ચ ટીચર : અપંગ બાળકો વિવિધ પ્રકારના હોય છે. અંધ, માનસિક ક્ષતિ, સાંભળવાની ખામી, શારીરિક ખોડખાંપણ, બહુ વિકલાંગ વગેરે.

શિક્ષક : આવાં બાળકો અમારી શાળામાં આવતા નથી, પણ ગામમાં છે ખરા.

રિસોર્ચ ટીચર : તે આવાં બાળકો શાળામાં કેમ નથી આવતા ?

શિક્ષક : એમને ભણીને શું કામ ?

રિસોર્ચ ટીચર : કેમ ? આ બાળકો પણ ભણી શકે છે.

શિક્ષક : એમને ભણાવે કોણ ?

રિસોર્ચ ટીચર : હવે તો આ બાળકો માટે સામાન્ય શાળામાં પણ ભણવાની વ્યવસ્થા સરકારે કરી છે.

શિક્ષક : કેવી રીતે ?

રિસોર્ચ ટીચર : આ બાળકો સામાન્ય બાળકની સાથે જ હવે તો ભણી શકે છે. તેમના માટેના ખાસ શિક્ષકો પણ હોય છે.

શિક્ષક : પણ અંધ બાળકોને કેવી રીતે ભણાવી શકાય ?

રિસોર્ચ ટીચર : તેઓને પણ કથન અને સ્પશશ દ્વારા ભણાવી શકાય. આ ઉપરાંત રેકોર્ડિંગ કરેલી કૅસેટો તથા બ્રેઈલ અને લાર્જ પ્રિન્ટ પુસ્તકો દ્વારા તેઓ અધ્યયન કરી શકે.

શિક્ષક : આવા બાળકોને ભણવાથી શો ફાયદો ?

રિસોર્ચ ટીચર : એ પણ ભણી-ગણીને જીવનમાં પ્રોફેસર, શ્રેષ્ઠ સંગીતકાર, શિક્ષક, ઉચ્ચ હોદ્દો મેળવી શકે છે.

શિક્ષક : તો તો હું પણ વિકલાંગ બાળકોને શાળામાં દાખલ કરીને ભણાવીશ.

રિસોર્ચ ટીચર : આ બાળકો ભણીને પોતાના પગભર થઈ શકે છે.

શિક્ષક : બહુ જ સારી વાત કહેવાય. આ બાળકોને શિક્ષણ આપવું એ હવે મારી ફરજ સમજું છું.

રિસોર્ચ ટીચર : બહુ જ સરસ. હવેથી આ બાળકોને અવશ્ય શિક્ષણ આપજો. (રિસોર્ચ ટીચર ગામની શાળાની મુલાકાત લે છે. વિકલાંગ બાળકોની માહિતી માટે શાળાના આચાર્ય અને શિક્ષકોને મળે છે. રિસોર્ચ ટીચર પોતાનો પરિચય આપે છે.)

આચાર્ય : આવો, સાહેબ.

રિસોર્ચ ટીચર : નમસ્તે, સાહેબ. તમારી શાળામાં કેટલા વિકલાંગ બાળકો છે ?

શિક્ષક : મારા ધોરણમાં એક બાળક પગે અપંગ છે. બીજું તો કોઈ બાળક વિકલાંગ નથી.

રિસોર્ચ ટીચર : વિકલાંગ બાળક એટલે માત્ર શારીરિક ખોડખાંપણવાળા બાળકો જ નહીં. વિવિધ પ્રકારના વિકલાંગ બાળકો હોય છે.

(1) દૃષ્ટિની ખામી, (2) શ્રવણની ખામી, (3) શારીરિક ખોડખાંપણ, (4) માનસિક ક્ષતિ, (5) શીખવવાની પ્રક્રિયાની ખામી ધરાવતાં બાળકો.

હવે, તો રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અને વિકલાંગ ધારા અનુસાર દરેક વિકલાંગ બાળકોને ભણવાનો અધિકાર છે અને આ વિકલાંગ બાળકો સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે ભણી શકે છે.

**પ્રસંગ - 3 : સામાન્ય શાળામાં વિકલાંગ બાળક...**

**નાટક :**

રતનપુર નામે એક ગામ છે. તે ગામમાં એક પ્રાથમિક શાળા છે. તે શાળામાં સુરેશ નામનો એક માનસિક ક્ષતિ ધરાવતો બાળક છે. તેના પિતા હાઈસ્કૂલમાં શિક્ષક છે. સુરેશને જ્યારે પહેલા નિશાળમાં દાખલ કર્યો ત્યારે શરૂઆતમાં થોડા દિવસ તેના પિતા નિશાળમાં મૂકી જતા, પરંતુ નિશાળમાં સમય સાથે મેળ ન થવાથી તે સુરેશને એકલો મોકલતા. શાળા થોડી જ દૂર છે. થોડા દિવસ પછી ગામના છોકરાઓ તેને 'ગાંડો-ગાંડો' કહી, ખીજવવા લાગ્યા. તે ઘરે આવીને રોજ રડતો. તેથી તેના માતા-પિતાએ તેનું શાળાએ જવાનું બંધ કરાવી દીધું.

એક દિવસ એ શાળાની મુલાકાતે તથા વિકલાંગ બાળકોના સર્વેક્ષણ કરવા માટે રિસોર્ચ ટીચર આવ્યા. શાળાના આચાર્યશ્રીને મળ્યા. ત્યારબાદ દરેક વર્ગની મુલાકાત કરવા નીકળ્યા ત્યારે ધોરણ 1ના વર્ગમાં બાળકોની હાજરીનું રજિસ્ટર જોયું. તેમાં સુરેશનું નામ હતું. રિસોર્ચ ટીચરે શિક્ષકને પૂછયું અને નીચે મુજબનો સંવાદ થયો.

રિસોર્ચ ટીચર : સુરેશ કેમ નથી આવ્યો ? તે કેમ આટલા દિવસથી આવતો નથી ?

શિક્ષક : તેના પિતા હાઈસ્કૂલમાં શિક્ષક છે. સુરેશની માનસિક રોગના ડૉક્ટરની દવા ચાલે છે. તેથી દવા બંધ થયા પછી તેના પિતા તેને નિશાળે મોકલશે. તે અહીં નજીકમાં જ છે.

રિસોર્ચ ટીચર : મારે તેમને મળવું હતું.

શિક્ષક : અરે, જો, પેલા કાન્તીભાઈ સુરેશને લઈને જઈ રહ્યા છે.

(શિક્ષકે વર્ગમાંથી એક બાળકને બોલાવવા જલદીથી મોકલ્યો. બાળક દોડી ગયો.)

કાન્તીભાઈ : કેમ છો, સાહેબ ?

| | | |
|---|---|---|
| શિક્ષક | : | આવો, મજામાં છું, તમે કેમ છો ? |
| કાન્તીભાઈ | : | જુઓને, આ સુરેશને લઈને હું ઘરે જઉં છું. |
| શિક્ષક | : | સુરેશ કેમ છે ? કાન્તીભાઈ, તેને શાળાએ મોકલો. જુઓ વિકલાંગ બાળકો માટે સર્વેક્ષણ કરવા લાગ્યા છે તેમાં પણ આ ખાસ માનસિક ક્ષતિ ધરાવતાં બાળકના રિસોર્ચ ટીચર છે. |
| રિસોર્ચ ટીચર | : | કાન્તીભાઈ, કેમ છો ? તમે કેમ સુરેશને નિશાળે મોકલતાં નથી ? |
| કાન્તીભાઈ | : | શું કરું ? જુઓ, આ ફાઈલમાં તેની દવા લખેલી છે. અમદાવાદના ડૉક્ટરને બતાવ્યું. તેમની દવા થોડા દિવસ પહેલા જ ચાવુ કરી છે. તે બંધ થશે પછી મોકલીશ. |
| રિસોર્ચ ટીચર | : | પણ કાન્તીભાઈ દવા સાથે અને નિશાળ સાથે શુ લેવા-દેવા છે ? દવાની સાથે સાથે શાળાએ મોકલો, તો તેનું મન પ્રવૃત્તિમય રહેશે અને તે વધારે જલદી શીખી શકશે. |
| કાન્તીભાઈ | : | તેમાં શું છે, કે તે પહેલા રોજે શાળાએ આવતો અને તેને હું શરૂઆતમાં થોડા દિવસ મૂકવા પણ આવતો હતો. પછી તે એકલો શાળાએ આવતો થયો. ત્યારપછી તેને બધા 'ગાંડો-ગાંડો' કહીને ખીજવતા. શાળામાં પણ અને ગામમાં પણ. તેથી તે શાળાએ એ આવવાની ના પાડે છે. |
| રિસોર્ચ ટીચર | : | (શિક્ષકને) તમે વર્ગમાં તેને કોઈ 'ગોંડો' ન કહે, તેનું વધારે ધ્યાન આપો અને તેને વધારે જેની સાથે ફાવે છે તેની સાથથ બેસાડો. |
| કાન્તીભાઈ | : | હા, અમારી બાજુમાંથી મેહુલ આવે છે. પેલો રહ્યો. તેની સાથે સુરેશને વધારે ફાવે છે. |
| રિસોર્ચ ટીચર | : | બસ, તો શિક્ષક સાહેબ તમે મેહુલ સાથેજ એને બેસાડો. |
| શિક્ષક | : | વર્ગ શિક્ષક ચાલુ હોય ત્યારે તો કોઈ સમસ્યા નથી, પણ રિસેસમાં કે પછી, હું કામથી ઑફિસમાં જાઉં ત્યારે જ મુશ્કેલી થાય છે. |
| રિસોર્ચ ટીચર | : | પણ તમો જાઓ ત્યારે બધાની સામે મેહુલને કહેવાનું કે આને જે ગાંડો કહે તેનું નામ હું આવું ત્યારે મને કહેજે. આમ કહી મેહુલને સાથે બેસાડીને જવું. |
| શિક્ષક | : | સારું, હવેથી હું એમ જ કરીશ. |
| કાન્તીભાઈ | : | પણ નિશાળની બહાર ગામના છોકરાઓ પણ તેને ખીજવે છે. |
| રિસોર્ચ ટીચર | : | તમારી બાજુથી મેહુલ તો આવે છે. તેની સાથે મોકલતા હોય તો. |
| કાન્તીભાઈ | : | તે તો નાનો છે તેનું કોણ સાંભળે. |
| રિસોર્ચ ટીચર | : | તો પછી સુરેશની મમ્મીને કહો કે તે મૂકવા આવે અને શાળા છૂટે એટલે લઈ જાય. નહીં તો તમારે મૂકવા આવવાનું અને છૂટ્યા પછી તેની મમ્મી લઈ જાય. પણ તમે તેને શાળાએ જરૂરથી મોકલો. એ શાળાએ નહીં આવે તો ઘરે બેઠાં બેઠાં તેનું મગજ વધારે ગુસ્સાવાળું થઈ જશે અને જેટલું આવડે છે તેટલું પણ તે ભૂલી જશે. તેને દવા સાથે-સાથે ભણતર પણ જરૂરી છે. તો તમે સુરેશને |

જરૂરથી શાળાએ મોકલો. તો દવાની અસર પણ સારી અને જલદી દેખાશે અને તેને સરકારી બધા જ લાભ મળશે.

કાન્તીભાઈ : એ વાત તમારી સાચી. હવે કાલથી જ હું તેને જરૂરથી શાળાએ મોકલીશ અને તેની મમ્મીને પણ સમજાવીશ.

- **પ્રકાર/અર્થ :** એક શિક્ષક તરીકે તમારે માટે તમારા વર્ગખંડમાં જેઓનો સામનો કરવો પડી શકે છે તેવા વિકલાંગતાઓના/વિશેષ જરૂરિયાતોના સૌથી વધુ સર્વસામાન્ય પ્રકારો નિરપેક્ષ રીતે જાણવા આવશ્યક છે. વિકલાંગતાના મહત્ત્વના પ્રકાર નીચે મુજબ છે :

1. TB (Totally Blind) સંપૂર્ણ અંધ
2. LV (Low Vision) અલ્પ દૃષ્ટિ
3. HI (Hearing Impairment) શ્રવણ મંદ
4. OH (Orthopedic Handicap) હાડકાંની ખામી અથવા હલન-ચલનની ખામી
5. MR (Mental Retardation) માનસિક ક્ષતિ
6. CP (Cerebral Palsy) મગજનો લકવો
7. MD (Multiple Disability) બહુ વિકલાંગતા
8. LD (Learning Disability) શીખવાને લગતી ખામી
9. ASD (Austism Spectrum Disorder) સ્વલીનતા
10. SI (Speech Impairment) વાણીની ખામી
11. LAP (Leprosy) મટી ગયેલ રક્તપિત્ત

આ સૌની નીચે સંક્ષેપમાં સમજૂતી આપવામાં આવી છે.

1. TB (Totally Blind) સંપૂર્ણ અંધ : જે વ્યક્તિ કે બાળકમાં સંપૂર્ણ દૃષ્ટિનો અભાવ હોય તેવી વ્યક્તિને સંપૂર્ણ અંધ કહેવામાં આવે છે.
2. LV (Low Vision) અલ્પ દૃષ્ટિ : સારવાર પછી અથવા પ્રમાણિક વક્રિભવન ક્ષમ ક્ષતિમાં સુધારો કર્યા પછી પણ જેની દૃષ્ટિમાં ખામી કે ક્ષતિ હોય તેવી વ્યક્તિ જે સહાયક સામગ્રી દ્વારા દૃષ્ટિનો ઉપયોગ કરવા સક્ષમ બની હોય.
3. HI (Hearing Impairment) શ્રવણ મંદ : શ્રવણની રીતે વિકલાંગ એટલે કાનમાં • (ડિસિબલ) કે તેથી વધુ ક્ષતિ જેથી સાંભળવામાં અક્ષમ કે મંદ હોય.
4. OH (Orthopedic Handicap) હાડકાંની ખામી અથવા હલન-ચલનની ખામી : હાડકાં, માંસપેશીઓને લગતી ક્ષતિ. જે અવયવોના હલન-ચલનને મર્યાદિત કરે છે.
5. MR (Mental Retardation) માનસિક ક્ષતિ : સરેરાશ કરતાં ઓછી બૌદ્ધિક કાર્યક્ષમતા ધરાવનાર જે પરિસ્થિતી મુજબની અનુકૂળતા અને વર્તણૂકમાં અનેક ત્રુટીઓ હોય જે સામાન્ય રીતે વિકાસના તબક્કામાં ઉદ્ભવતી હોય.
6. CP (Cerebral Palsy) મગજનો લકવો : મગજને એક કે બીજી રીતે થતી હાનિના પરિણામ સ્વરૂપ મગજનો લકવો થવાની સંભાવના હોય છે. મોટા ભાગે વધુ હાનિ થતાં આવી વ્યક્તિ કે બાળક પથારીવશ બની રહે છે.

7. MD (Multiple Disability) બહુ વિકલાંગતા : એકથી વધારે ખામી ધરાવતાં વ્યક્તિને બહુ વિકલાંગ કહેવામાં આવે છે. જેવા કે અંધ અને બહેરાં, માનસિક ક્ષતિ અને અલ્પ દૃષ્ટિ, અલ્પ દૃષ્ટિ અને બહેરાં વગેરે...

8. LD (Learning Disability) શીખવાને લગતી ખામી : શીખવાને લગતી ખામી ધરાવતાં બાળકો સમજણ, ભાષાલેખન, ગણન માટે ઉપયોગમાં લેવાતી પાયાની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયામાં ખામી ધરાવતાં હોઈ શકે છે.

9. ASD (Austism Spectrum Disorder) સ્વલીનતા (સ્વમાં રચ્યું પચ્યું રહેનાર) : સ્વલીનતા એટલે વ્યવસ્થિત કૌશલ્ય જે પ્રત્યયન અને વર્તનને અસર પહોંચાડે છે. જેમાં પુનરાવર્તીત અને એકધારું વર્તન જોવા મળે છે.

10. SI (Speech Impairment) વાણીની ખામી એવું વાણી વર્તન કે જે સામાન્ય અને સ્વીકૃત વાણી વર્તનથી દેખીતી રીતે અલગ અસામાન્ય હોય. વાતચીતમાં વિક્ષેપજનક કે સાંભળનારને અલગ રીતે અસરકર્તા હોય.

11. LAP (Leprosy) મટી ગયેલ રક્તપિત્ત રક્તપિત્તની બિમારીના કારણે શારીરિક અસ્વસ્થતા સર્જાય જેમાં હાથની આંગળીઓ અકડાઈ જતી વગેરે ક્ષતિઓ જોવાય છે.

- **શાળા પ્રવેશ :** એક શિક્ષક તરીકે તમારે દરેક બાળક કે જેની ઉંમર 6 થી 18 વર્ષની છે. જેમને શિક્ષણ અને તાલીમની જરૂરિયાત છે. તેવાં તમામ બાળકોની સાથે વિકલાંગ બાળકોનો પણ સમાવેશ કરી તેમને શાળામાં પ્રવેશ આપવાનું કાર્ય કરાવવું જોઈએ. આ બાળકો સામાન્ય શાળામાં સામાન્ય બાળકોની સાથે શિક્ષણ મેળવી શકે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અને વિકલાંગ ધારો 1995 તથા વિકલાંગતાને લગતાં અન્ય ધારાઓ અને ઘોષણાપત્રની જોગવાઈઓના અમલીકરણ અર્થે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં/વિકલાંગ બાળકોને સામાન્ય શાળામાં પ્રવેશ મળે એ તેમનો હક અને અધિકાર છે અને આ બાળકોને સામાન્ય શાળામાં પ્રવેશ આપવવો એ આપણાં સૌની ફરજ છે.
- **એસેસમેન્ટ/સર્ટિફિકેટ :** વિકલાંગ બાળકોને વિવિધ યોજના હેઠળ લાભ/સહાય મેલવવા માટે વિકલાંગતા અંગેનું સર્ટિફિકેટ મેળવવું અત્યંત જરૂરી છે.
- **વિકલાંગતાનું પ્રમાણપત્ર કેવી રીતે મળી શકે ?** જિલ્લાકક્ષાની સરકારી હૉસ્પિટલ (સિવિલ હૉસ્પિટલ)માંથી મળી શકે. જે-તે વિકલાંગતાના નિષ્ણાંત ડૉક્ટર :
  - હાથપગની ખામી માટે : ઓર્થોપેડિક સર્જન
  - આંખની ખામી માટે - ઓપ્થલ્મિક સર્જન
  - સાંભળવાની ખામી માટે - ઇ.એન.ટી. સર્જન
  - માનસિક ક્ષતિ માટે - મનોચિકિત્સક પાસે સિવિલ હૉસ્પિટલમાં તપાસ કરાવવી, નિષ્ણાંત ડૉક્ટરની ભલામણના આધારે સિવિલ સર્જન વિકલાંગતાનું પ્રમાણપત્ર કાઢી આપે છે.
- **વિકલાંગતાનું સર્ટિફિકેટ :** વિકલાંગતાનું સર્ટિફિકેટ મેળવવા વિકલાંગ વ્યક્તિનન પાસપોર્ટ સાઈઝના બે ફોટા તથા રેશનકાર્ડ સાથે જે-તે જિલ્લામાં આવેલી સિવિલ હૉસ્પિટલોમાં રૂબરૂ જઈ કેસ કઢાવી, સંબંધકર્તા (હાડકાંના-આંખના-કાન-નાકના કે માનસિકરોગના) ડૉક્ટર પાસે જવાથી અશક્ત વ્યક્તિઓને તેમની અશકતતા રૂબરૂમાં જોઈ અશકતતા કેટલા ટકા છે તે બાબતનો દાખલો સિવિલ સર્જન તરફથી આપવામાં આવે છે. આવી વ્યક્તિઓમાં અશકતતા ઓછા-વત્તા પ્રમાણમાં હોય છે.

- **વિકલાંગતાનું પ્રમાણપત્ર હોવાના લાભ કયા છે ?**
  - શિક્ષણ અને રોજગાર માટે સહાય.
  - જરૂરિયાત મુજબની સાધન સહાય મળી શકે.
  - વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા.
  - રેલવે/એસ.ટી. મુસાફરી કરવા માટે દરમાં રાહત મળે.
  - વિકલાંગ ધારા હેઠળ મળતાં લાભ મેળવવા.

સિવિલ હૉસ્પિટલના સંકલનથી તાલુકાકક્ષાએ વિકલાંગ બાળકો માટે સર્ટિફિકેટ કેમ્પ યોજવામાં આવે છે. આ અંગેની વિગત જિલ્લા પ્રોજેક્ટ કચેરીમાંથી મળશે.

- **વિકલાંગ બાળકોની નિશ્ચિત ઓળખ :** શિક્ષક તરીકે આ બાળકોની જરૂરિયાતો અને તેઓએ સામનો કરવો પડતી સમસ્યાઓ તમારે જાણવી જોઈએ. વર્ગમાં કેટલાંક બાળકો ઉપર જણાવેલી સમસ્યાઓ પ્રદર્શિત કરી શકે છે. તેથી, આવાં બોળકોની નિશ્ચિત ઓળખ કરવીએ મહત્ત્વનું છે. એક સરળ ચકાસણી યાદી જે તમને તેમ કરવામાં મદદ કરી શકે છે તે તમારે માટે નીચે આપવામાં આવી છે.

- **દૃષ્ટિની ખામી પારખવા માટેનું ચેકલિસ્ટ :**

| ક્રમ | દૃષ્ટિ | હા | ના |
|---|---|---|---|
| 1. | શું બાળકોને એક મીટરના અંતરે રાખેલ હાથની આંગળીઓ બતાવો તો ગણવામાં મુશ્કેલી પડે છે ? | | |
| 2. | શું બાળકની આંખો અસામાન્ય છે ? (સુજી ગયેલી ખૂબ નાની કે ખૂબ મોટી) | | |
| 3. | શું બાળકની આંખો અવાર-નવાર લાલ થઈ જાય છે ? | | |
| 4. | શું બાળકની આંખોમાંથી અવાર-નવાર પાણી ઝરે છે ? | | |
| 5. | શું બાળક પ્રકારના સ્ત્રોત તરફ તેનું માથું ફેરવે છે ? | | |
| 6. | શું બાળક વાંચતી વખતે તેનું માથું એક તરફ નમાવે છે ? | | |
| 7. | શું બાળકને જેમાં આંખોનો ખૂબ ઉપયોગ કરવો પડે તેવું કામ કરવામાં મુશ્કેલી પડે છે ? | | |
| 8. | બાળક વારંવાર તેની આંખો ચોળે છે ? | | |
| 9. | બાળક પુસ્તકને તેની આંખોની ખૂબ પાસે કે ખૂબ દૂર રાખે છે ? | | |
| 10. | શું બાળક કાળા પાટિયાનું લખાણ ઉતારતી વખતે અવાર-નવાર અન્ય બાળકને પૂછે છે ? | | |
| 11. | બાળકને કાળા પાટિયા પરનું લખાણ વાંચવામાં તકલીફ પડે છે ? | | |
| 12. | શું બાળક વસ્તુઓ કે વ્યક્તિઓ સાથે અવાર-નવાર અથડાઈ જાય છે ? | | |
| 13. | શું બાળક જમીન પર રાખેલ વસ્તુ સાથે અથડાઈ જાય છે ? | | |

**નોંધ :** ઉપરોક્તમાંથી કોઈપણ ચાર પ્રશ્નોનો જવાબ હા હોય તો બાળકની તરત જ માન્ય આંખના ડૉક્ટર પાસે તપાસ કરાવવી. જેથી જાણી શકાય કે તેની પરિસ્થિતિ, તબીબી સારવાર, ચશ્માં કે બિલોરી કાચ દ્વારા સુધારી શકાય તેમ છછ કે નહીં.

- **શ્રવણની ખામીને પારખવા માટેનું ચેકલિસ્ટ :**

| ક્રમ | શ્રવણ | હા | ના |
|---|---|---|---|
| 1. | શું બાળકને વર્ગમાં ધ્યાન કેન્દ્રિત કરવાં સંબંધિત સમસ્યા નડે છે ? | | |
| 2. | બાળક સાંભળવા માટે કોઈ એક કાનનો વધુ ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે છે ? | | |
| 3. | તમે બાળકની પીઠ પાછળથી તેની સાથે વાત કરો તો તેને સાંભળવામાં તકલીફ પડે છે ? | | |
| 4. | શું તમને લાગે છે કે બાળક ખૂબ મોટેથી અથવા ખૂબ ધીમેથી બોલે છે ? | | |
| 5. | બાળક અવાજની તકલીફ કે ખોટાં ઉચ્ચારણોની સમસ્યા ધરાવે છે ? | | |
| 6. | બાળક ટી.વી. કે રેડિયોનો અવાજ ખૂબ મોટો રાખે છે ? | | |
| 7. | બાળક તમારા પ્રશ્નોનો અસંબદ્ધ જવાબ રાખે છે ? | | |
| 8. | બાળક તેના સમવયસ્કોથી અંતર રાખે છે ? | | |
| 9. | તમે કોઈ બીજા ઓરડામાંથી બોલાવો ત્યારે બાળક જવાબ આપતું નથી ? | | |
| 10. | શું બાળક થોડો પુનરુચ્ચાર બાદ જ સમજી શકે છે ? | | |
| 11. | શું બાળકને અનુકરણ દ્વારા પણ બોલતા શીખવામાં તકલીફ પડે છે ? | | |
| 12. | શું બાળકને તેને જે કહેવામાં આવે તે સમજવામાં તકલીફ પડે છે ? | | |
| 13. | બાળક જૂથની પરિસ્થિતિ ટાળે છે ? | | |

**નોંધ :** જો ઉપરોક્ત સૂચિમાંથી કોઈપણ ત્રણ કે ચાર જવાબોથી નિર્દેશ મળતો હોય કે બાળકને સાંભળવા કે બોલવા સંબંધિત સમસ્યા હોય તો બાળકની તુરંત જ કાન, નાક, ગળાના વિશેષજ્ઞ ઓડિયોલોજીસ્ટ કે સ્પિચ થેરાપીસ્ટ પાસે તપાસ કરાવવી જોઈએ. જો બાળક 4-5 વર્ષથી નાનું હોય તો મનોવૈજ્ઞાનિકની સલાહ પણ લેવી જોઈએ.

- **માનસિક ખામીને પારખવા માટેનું ચેકલિસ્ટ :**

| ક્રમ | માનસિક ખામી | હા | ના |
|---|---|---|---|
| 1. | શું બાળકે 12-15 માસની ઉંમરે બેસવાની શરૂઆત કરી હતી ? | | |
| 2. | શું બાળકે ચાલવાની શરૂઆત 2 વર્ષ કે તેથી મોડી ઉંમરે કરી હતી ? | | |
| 3. | શું બાળકે વાતચીત કરવાની શરૂઆત 2 વર્ષ કે તેથી વધુ ઉંમરે કરી હતી ? | | |
| 4. | શું તેની શ્રવણશક્તિની તપાસ કરાઈ છે ? જો તેમ હોય તો તે સામાન્ય મર્યાદાની અંદર છે ? | | |
| 5. | 6 વર્ષની ઉંમરે બાળકને નિમ્ન પ્રવૃત્તિઓ સમજવામાં તકલીફ પડે છે ? સ્વતંત્ર રીતે હાજત જવું, સ્વતંત્ર રીતે જમવું, સ્વતંત્ર રીતે વસ્ત્રો પહેરવા. | | |
| 6. | શું બાળકોને પેન્સિલ પકડવામાં કે કારતથી કંઈ કાપવામાં તકલીફ પડે છે ? | | |
| 7. | શું બાળકને બોલથી રમવામાં કે મિત્રો સાથે ગીલ્લી-દંડા રમવામાં તકલીફ પડે છે ? | | |
| 8. | શું બાળક તેના મિત્રો સાથે રમતી વખતે વારંવાર ગુસ્સે થવાના નખરા કરે છે ? | | |
| 9. | સામાન્યતઃ બાળકને કાંઈ કહેવામાં આવે ત્યારે તે બેધ્યાન હોય છે ? | | |
| 10. | બાળકને સામાન્ય વાત યાદ રાખવા માટે પણ ઘણા પુનરાવર્તનની જરૂર પડે છે ? | | |
| 11. | બાળકને વાત સમજાવવા માટે નાના ભાગોમાં વહેંચી નાંખવી પડે છે ? | | |
| 12. | બાળકને પાંચ ફળ, શાકભાજી કે છોડના નામ આપવામાં તકલીફ પડે છે ? | | |
| 13. | બાળક તેના સાથીદારોની માફક તેની જરૂરિયાતને સ્પષ્ટ ભાષામાં રજૂ કરવામાં તકલીફ અનુભવે છે ? | | |
| 14. | બાળક ઓછા સમય માટે પણ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અક્ષમ છે ? | | |
| 15. | બાળકના મૌખિક પ્રતિભાવો મોટા ભાગે અયોગ્ય હોય છે ? | | |

**નોંધ :** જો ઉપરોક્ત સૂચનાઓમાંથી કોઈપણ ચાર પ્રતિભાવો પણ હકારાત્મક હોય તો બાળકની કુશળ મનોચિકિત્સક/વિશેષ કેળવણીકાર દ્વારા યોગ્ય તપાસ કરાવવી જોઈએ.

- **શિશકો માટેના સૂચનો :**
  - દૃષ્ટિની ખામી ધરાવતાં બાળકના વર્ગશિક્ષક માટેના સૂચનો :
    - તેમને પ્રથમ હરોળમાં ઉજાસ/બાજુ બેસાડો.
    - શિક્ષકે દરેક પ્રવૃત્તિ માટેની સૂચના બોલી બતાવવી.
    - નિર્દેશો માટે હાવભાવના બદલે શબ્દો વાપરો.
    - શક્ય હોય ત્યાં સુધી શૈક્ષણિક સાધનો સ્પર્શય રાખવા.
    - દૃશ્ય સાધનોની સરખામણીએ ભણાવવા માટે શ્રાવ્ય સાધનો વાપરવા.
    - તેમને વર્ગ અને પરિસરમાં ફરવા માટે મદદની વ્યવસ્થા કરવી.
    - તેમના માટે સજ્જતા માટે અને હરવા-ફરવા માટેની તાલીમ આપતા શિક્ષકની વ્યવસ્થા કરવી.
  - શ્રવણની ખામી ધરાવતાં બાળકના વર્ગશિક્ષક માટેના સૂચનો :
    - તેમને મદદ કરવા માટે સામેની હરોળમાં બેસાડો.
    - બોલતી વખતે બાળકની સામે રહો, જેથી તે હોઠ વાંચી શકે.
    - બાળકના સાંભળવાના સાધનના સેલ અને તે બરાબર ચાલે છે કે નહીં, બાળકે તે ચાલુ કર્યું છે નહીં તે રોજ તપાસો. શાળામાં વધારાના સેલ રાખો.
    - શક્ય હોય ત્યાં સુધી દૃશ્ય શૈક્ષણિક સાધનો પ્રયોજો.
    - બાળકને દરેક સૂચના લેખિતમાં આપો.
    - બાળકને વાતચીત અને પ્રત્યાયનની બીજી પદ્ધતિઓ શીખવો, જેથી વાતચીત ન કરી શકવાના કારણે તેના પર થતી તાણ ઘટાડી શકાય.
  - વાણીની ખામી ધરાવતાં બાળકના વર્ગશિક્ષક માટેના સૂચનો :
    - ભૂલ પર હસવાની બાબત ચલાવી ન લેવી.
    - બાળક સાથે સહજ રહો. તેને માટે વધુ પડતા રક્ષણાત્મક ન બનો.
    - બાળક સફળ થઈ શકે તેવી પરિસ્થિતિ માટે સજાગ રહો. તેને તેવી પરિસ્થિતિમાં વાંચવા કે વાતચીત કરવા કહો.
    - વ્યક્તિગત વાંચા શિક્ષણ (દા.ત. ભાષા પ્રયોગશાળામાં) મદદરૂપ થઈ શકે.
    - ઓછી વિકટ પરિસ્થિતિમાં બોલવા માટે પ્રેરો.
  - ભાષાકીય ખામી ધરાવતા બાળકના વર્ગશિક્ષક માટેના સૂચનો :
    - બાળક માટે આપત્તિજનક પરિસ્થિતિ પ્રત્યે સજાગ રહો.
    - વર્ગમાં બાળકને જેની ભાષા ઉદાહરણીય હોય તેની બાજુમાં બેસાડી શકાય.
    - નવા શબ્દોના ઉચ્ચારની ચર્ચા કરો અને બાળકોને તેનો ઉપયોગ કરવા પ્રેરો.
    - ભાષાની અનુભૂતિનો અભિગમ અપનાવો.

- પરિચિત વસ્તુઓ વિશે ચર્ચા કરો. તેના વિશે લખો અને બાળકને વાંચી સંભળાવો. બાળકને તે વંચાવો.
- પ્રારંભના પ્રતિભાવો પર ધ્યાન આપવું અત્યંત જરૂરી છે.
- વિદ્યાર્થી પ્રયત્ન કરે ત્યારે હકારાત્મક પ્રતિભાવ આપો.
- ભૂલ થાય તો હસવાનું ચલાવી ન લો.
- સાદું અને સાચું પ્રત્યાયન પ્રોત્સાહિત કરો.
- વ્યક્તિગત સૂચચો ઉપયોગી બનશે. દા.ત. તજજ્ઞ, કૉમ્પ્યુટરની સહાયથી શીખવું. ભાષા, પ્રયોગશાળા વગેરે.

• **માનસિક ક્ષતિ ધરાવતાં બાળકોના વર્ગશિક્ષક માટેના સૂચનો અને ખોટી માન્યતાઓ :**
- તેઓ વિષયવસ્તુ/કૌશલ્ય હસ્તગત કરે તે માટે અત્યંત પુનરાવર્તનની જરૂર પડે છે.
- તેમની તાલીમને અન્ય પરિસ્થિતિમાં તબદીલ કરવા માટે તેમને ત્રણ પરિસ્થિતિમાં તાલીમની જરૂર પડે છે, તેમાં ત્રણ વ્યક્તિની હાજરી જરૂરી બને છે.
- તેમને તેમની ગમતી પ્રવૃત્તિમાં રોકી રાખવા સારું છે.
- તેઓ કોઈ પ્રવૃત્તિ શરૂ કરવામાં સફળ થાય તે જ હેતુ હોવો જોઈએ.
- શીખવાની તેમની મંદ ગતિ માટે સહનશક્તિ કેળવો.
- તેમના કાર્યને પ્રાધાન્ય અનુસાર વહેંચો, લખવાની ઉંમર અને સામાજિક પૃષ્ઠભૂમિ.

• **ખોટી માન્યતાઓ :**
- માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો ગાંડા હોય છે.
- માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો લગ્ન પછી સાજા થઈ જાય છે.
- માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો પૂર્વેના શ્રાપથી પીડાતા હોય છે.
- માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો કાંઈ જ શીખી શકતા નથી.
- માનસિક ક્ષતિ ચેપી હોય છે.
- કોઈ સારા કામ પહેલાં તેમને જોવાથી અપશુકન નડે છે. આ તમામ માન્યતાઓ તદ્દન ખોટી છે.

• **હલનચલનની ખામી ધરાવતાં બાળકોના વર્ગશિક્ષક માટેનન સૂચનો :**
- આવા બાળકોને શાળા છૂટવાના સમયે બીજાથી પહેલાં જવાની અને શાળા શરૂ થવાના સમયે બીજાથી થોડા મોડા આવવાની છૂટ આપો.
- શાળાના કલાકો દરમિયાન મકાનની અગાશી/પરસાળમાં તેમની આવન-જાવનને સરળ બનાવો. વર્ગોના ફેરફાર અને વિશ્રાંતિ દરમિયાન પણ તેમ કરો.
- કમ સે કમ થોડી પણ એવી પ્રવૃત્તિ દરમિયાન બીજા લોકોનું અવલોકન કરતાં હોય ત્યારે તેમના માટે આરામદાયક અલાયદી બેઠક વ્યવસ્થા ગોઠવો.
- રેમ્પ ન હોય તેવા કિસ્સામાં ગંભીર રીતે વિકલાંગ બાળકોના કિસ્સામાં વર્ગો ભોંયતળિયાના ખંડોમાં ગોઠવો.
- શિસ્ત નિયમ માટે તેમને સામાન્ય નિયમો જ લાગુ પડશે.

- **ઓટિઝમ બાળકના વર્ગશિક્ષક માટેના સૂચનો :**
  - બાળક સાથે વાત કરતી વખતે તેની આંખ મેળવવાની ઈચ્છા ન જણાય તો અન્યત્ર જોવું. જો તે ધીમે ધીમે આંખ મેળવે તો તેની સામે જોવું. બાળકને તમને દોરવા દો.
  - પ્રવૃત્તિઓની દશ્ય સમજ માટે વ્યવસ્થા કરો. જેમ કે, ચાર્ટ કટિંગ કરવું અને તેમાં સમય બતાવવો અને ત્યારબાદ વર્ગમાં ટીંગાડી દો.
  - તેના અસાધારણ પ્રતિભાવોનો સ્વીકાર કરો. જેમ કે, અયોગ્ય રીતે હસવું.
  - તેમના વાતાવરણમાં પરિવર્તનો લાદશો નહીં. પરિવર્તનો તેમને ગંભીર રીતે અસર કરે છે.
  - સામાજિક સમજ અને પ્રત્યાયની જરૂર ન હોય તેવી પ્રવૃત્તિઓ બનાવો.
  - બાળકને પોતાને ભયની સમજ નથી. આથી તે વર્ગ/શાળામાં હોય ત્યારે તેનું રક્ષણ જરૂરી છે.
  - બાળકને સ્પર્શથી તકલીફ થતી હોય તો તે ભેટવાનું કે સ્પર્શ કરવાનું ટાળે.
- **હાયપર એક્ટિવિટી ધરાવતાં બાળકના વર્ગશિક્ષક માટેના સૂચનો :**
  - બાળકને કોઈ વસ્તુ લાવવા-મૂકવાના, ઉચકવાના કે નાના-નાના કામમાં સામેલ કરો.
  - બાળકને રમતો રમવામાં સામેલ કરો, જેથી તેની શક્તિનો થોડો વપરાશ થાય; પણ એટલું વધારે પણ નહીં કે બાળક થાકીને ઊંઘી જાય અને અન્ય બાબતો પર ધ્યાન આપવાનું રહી જાય.
  - તેને કશાક માટેની જવાબદારી સોંપો.
  - અવારનવાર ઝડપથથ બદલાવવાનું ટાળો.
  - શાંતિના ટૂંકાગાળા અમૂલ્ય કહી શકાય.

- **વિકલાંગની માનસિક સમસ્યાઓ :** વિકલાંગતા ધરાવતાં તમામ બાળકો નીચેની સમસ્યાઓથી પીડાતાં હોય તેવું જરૂરી નથી.
  - તેઓ પરિસ્થિતિને સમજી ન શકે તેવું બને. તેથી તેમનું વર્તન સાવ જૂદું હોય છે. તેઓ હાંસીપાત્ર બની શકે છે.
  - અયોગ્ય રીતે હસતા હોઈ શકે છે.
  - મોટે ભાગે તેઓ લોકપ્રિય હોતા નથી. ક્યારેક તેમને તેની જાણ હોતી નથી.
  - તેઓ અયોગ્ય રીતે ધ્યાન આકર્ષવા માંગતા હોય છે.
  - જેઓ સહાય કરે છે તેમના પ્રત્યે તે પરાવલંબી બની જાય છે.
  - તેમાંના કેટલાક મદદ કરવા ઈચ્છતા હોય છે. પણ કેવી રીતે મદદ કરવી તે જાણતા હોતા નથી અથવા વિચોરોને કાર્યનું સ્વરૂપ આપી શકતા નથી.
  - રમતના નિયમો સમજી શકતા નથી.
  - મિત્રતાની શરૂઆત કેવી રીતે કરવી અને સમૂહનો હિસ્સો કેમ બનવું તે સમજી શકતા નથી.
  - 'ના' કહેવાને અસમર્થ હોવાથી કાર્યની બાબતમાં તેમનું શોષણ થઈ શકે છે.
  - શંકાશીલ હોય છે.
  - એકાકીપણું અનુભવે છે.

- સરળતાથી વિશ્વાસ મૂકે છે, તેથી શોષણનો ભોગ બને છે.
- તેમનાં કૃત્યોનું સરળતાથી ખોટું અર્થઘટન થાય છે.
- સામાન્ય લોકો તરફથી થતો પ્રતિકાર તેમના સામાજિક વર્તનને બદલી નાખે છે.
- રોજિંદી ભાષા અપનાવી શકતા નથી, પરિણામે તમામ વાતચીત સમજાતી નથી.
- પ્રેમ અને લાગણી અભિવ્યક્ત કરવાની સામાન્ય રીતભાત સમજી શકતા નથી.
- ફિલ્મો, વર્તમાન પ્રસંગો, ટેલિવિઝિનના કાર્યક્રમો વગેરે અંગે ચર્ચાઓ કરી શકતા નથી.
- અન્યોને આવકારવામાં મુશ્કેલી અનુભવે છે.
- સાહજિક શુભેચ્છા પાઠવવી તેમને બરાબર આવડતી નથી.
- અન્ય સમસ્યાઓ જેવી કે હતાશા, પાછા પડવું, એકકીપણું.

- **શિક્ષકો માટેના સામાન્ય સૂચનો :**
  - બાળક પોતાના આયોજનમાં માતા-પતિાને સામેલ કરવા.
  - અનુકાર્ય (ફોલોઅપ) અને શાળામાં જે કાંઈ થાય તેનાથી સહજ રહેવા માટે માતા-પિતાને શિક્ષિત કરવા.
  - શિક્ષકે બાળકો સાથે સજ્જ રહેવું.
  - તેમને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રેરવા.
  - સામાન્ય બાળકોને વિકલાંગ બાળકો સાથે ભળવા માટે પ્રેરવા.
  - વાર્ષિક મહોત્સવ અને પ્રદર્શનમાં વિકલાંગ બાળકોની કૃતિઓ રજૂ કરવી.
  - તેમનો આત્મવિશ્વાસ અને આત્મગૌરવ વધે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરી તે હાથ ધરો.
  - વિકલાંગ બાળકા માટે કોઈપણ પ્રવૃત્તિમાં આગળ વધવા માટે સફળતા જરૂરી છે.
  - તેમને શૈક્ષણિક કે અન્ય કાર્ય કરવા માટે આવશ્યક વધારાનો સમય આપો. તેમના પર ઝડપથી મર્યાદા લાદવી નહીં.
  - બાળકોને લેબલ આપવા અને એવા લેબલથી તેમને બોલાવવા તે ઈષ્ટ નથી. કોઈપણ કિંમતે આ અટકાવવું.

- **રિસોર્સરૂમ કોને કહેવાય ?**

વિકલાંગ બાળકોના સઘન શિક્ષણ માટે જે તે વિકલાંગતા અનુસાર અથવા બધા પ્રકારની વિકલાંગ વ્યક્તિને લગતા શૈક્ષણિક સાધનોથી સજ્જ રૂમ એટલે રિસોર્સરૂમ અથવા સંસાધનકક્ષ.

- **રિસોર્સરૂમનું મહત્ત્વ**
  - રિસોર્સરૂમમાં વિશિષ્ટ પ્રકારના સાધનો હોય છે.
  - રિસોર્સરૂમ અનિવાર્યપણ હોવો જરૂરી છે.
  - વિકલાંગ બાળકો જે પ્રવૃત્તિ સામાન્ય બાળક સાથે ન શીખે તે શીખવવામાં આવે છે.
  - દરેક પ્રવૃત્તિ પ્રત્યક્ષ કરાવવામાં આવે છે.
  - અઠવાડિયામાં એક કે તેથી વધધ દિવસ રિસોર્સરૂમની મુલાકાત જરૂરી છે.

- **રિસોર્સરૂમની ખાસ પ્રવૃત્તિઓ :**
  - અક્ટિવિટી ઑફ ડેઇલી લિવીંગ-એ.ડી.એલ.ની પ્રવૃત્તિઓ એટલે કે રોજિંદા જીવનને જીવવા માટેની પ્રવૃત્તિઓ શીખવવી. (દા.ત. બ્રશ કરવું, નાહવું, કપડાં પહેરવાં વગેરે...)
  - ચોખ્ખું-ગંદુ, રંગ, આકાર, આગળ-પાછળ, ઉપર-નીચે વગેરે જેવા ખ્યાલો વિશિષ્ટ સાધનોની મદદથી આપી શકાય.
  - બધાં જ બાળકો એક દિવસે એકઠા થાય તેવી કૉમ્યુનિકેશન સ્કીલમાં વધારો કરી શકાય. સમૂહમાં રહેવાની ટેવ પડે. સામૂહિક રમત-ગમત શીખવી શકાય.
  - નાની વાર્તાઓને નાટકના સ્વરૂપમાં ફેરવી સમજાવી શકાય.
  - જોડકણાં, નૃત્ય, સમૂહ નૃત્ય, અભિનય શીખવી શકાય.
  - રમત-ગમત જેવી કે વોલીબૉલ કે ઈન્ડોર ગેમ્સ જેવી કે કેરમ, પઝલ ગોઠવવી, સાપ સીડી વગેરે શીખવી શકાય.
  - કૉમ્પ્યુટર દ્વારા બાળવાર્તાઓ અને જોડકણાં બનાવી શકાય. આ સાથે કૉમ્પ્યુટરને ઓપરેટ કરતા શીખવી શકાય.
  - ટી.વી. પર પ્રાણીઓની ચેનલ પર પ્રાણીઓ વિશેની સમજ આપી શકાય. બાળકોની ફિલ્મ બનાવી શકાય.
  - બૌદ્ધિક રમતો શીખવી શકાય.
  - યોગ ધ્યાનની પ્રવૃત્તિઓ તેમ જ હળવી કસરતો શીખવી શકાય.
  - ચિત્ર દોરતા, ચિત્રમાં રગ પૂરતાં, ટપકાં જોડી ચિત્ર બનાવવા વગેરે શીખવી શકાય છે. જેથી સ્થિરતાને આઈ હેન્ડ કો-ઓર્ડિનેશન વધે છે.
  - ફેસ્ટિવલ સેલિબ્રેશન (દા.ત. નાતાલ, નવરાત્રિ વગેરે...)
- **રિસોર્સરૂમના ફાયદા :**

રિસોર્સરૂમના ઉપયોગથી દૃષ્ટિહીન બાળકોના જીવનવ્યવહાર શિક્ષણ વગેરેમાં ફાયદા જોવા મળ્યા છે. શૈક્ષણિક સાધનોનાં પદ્ધતિસરના ઉપયોગ અને માર્ગદશશનને કારણે અધ્યયન પ્રક્રિયામાં મદદ મળી રહે છે.

  - અધ્યયન સંકલ્પના સ્પષ્ટ બને છે. સામાન્ય શાળામાં શિક્ષક વર્ગશિક્ષણ દરમિયાન વિવિધ ચિત્રો, નકશા, ચાર્ટ્સનો ઉપયોગ કરે ત્યારે બાળક દૃષ્ટિહીન હોય તો મૂંઝવણ અનુભવે. જ્યારે રિસોર્સરૂમમાં વિશિષ્ટ ઉપસાવેલા અને ધ્યાનયુક્ત ચિત્રો, જીવનજન્ય અને સ્પર્શીય અનુભવોથી અધ્યયન સંકલ્પના સ્પષ્ટ બને છે.
  - રિસોર્સરૂમમાં બાળક જાતે અનુભવ દ્વારા શિક્ષણ મેળવતું હોવાથી શિક્ષણ અસરકારક અને દીર્ઘકાલીન બને છે.
  - સામાન્ય શાળાના વર્ગમાં 50 થી 60 બાળકો વચ્ચે વિકલાંગ બાળક હોય છે. ત્યારે તેના પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપી શકાતું નથી. જ્યારે રિસોર્સરૂમમાં એક શિક્ષક પાસે આઠથી દસ બાળકો હોવાથથ પ્રત્યેક બાળક પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપી શકાય છે.
  - રિસોર્સરૂમમાં રહેલ દરેક શિક્ષક તમામ વિષયોના તજજ્ઞ હોઈ શકે નહીં. પરંતુ દરેક શિક્ષક જુદા જુદા વિષયોમાં તજજ્ઞ હોઈ શકે. પરિણામે વિકલાંગ બાળકને વિષય નિષ્ણાંત વિશિષ્ટ શિક્ષકનો લાભ મળે છે.
  - રિસોર્સરૂમ પર શિક્ષક જુદી જુદી પદ્ધતિઓ દ્વારા બાળકનું મૂલ્યાંકન કરી તેને આધારે શિક્ષણ કાર્યક્રમો ઘડી શકે છે. દા.ત. જે તે વિષય કે મુદ્દામાં મુશ્કેલી અનુભવતો હોય તે સંદર્ભમાં વિશિષ્ટ સાધનો દ્વારા સમજ કેળવી કઠીન મુદ્દાના સંદર્ભે ઉપચારાત્મક શિક્ષણ થઈ શકે છે.

## રિસોર્સરૂમના સાધનો :

### દૃષ્ટિહીન

- બ્રેઈલકીટ, જોમેટ્રી કીટ
- બ્રેઈલર
- ટેપરેકોર્ડર અને કૅસેટો
- પ્રોજેશન માઈક્રોસ્કોપ
- સ્લાઈડ પ્રોજેક્ટર
- વિવિધ ટ્રાન્સપરન્સીઓ
- સ્પર્શગમ્ય ચાર્ટ્સ/મોડેલ
- શ્રવણગમ્ય સાધનો
- સ્પર્શેન્દ્રિયની તાલીમ આપતા સાધનો
- મોબીલીટીના સાધનો
- ઉપસાવેલી વૈજ્ઞાનિક આકૃતિ
- પરિમાણીય વૈજ્ઞાનિક સાધન
- રમતગમતના સાધનો (ઘુઘરીવાળો દડો, ચેસ)
- ટોકિંગ વોચ
- ટોકિંગ કેલ્ક્યુલેટર
- રમકડાં, પશુ-પક્ષી, ફળ-ફૂલ
- લો વિઝન એઈડ્સ
- સંગીતના સાધનો
- બ્રેઈલ પુસ્તકો ધોરણ પ્રમાણે
- ઈત્તરવાંચન પુસ્તકો
- વોકમેન
- જુદા જુદા અવાજના રમકડાં
- બ્લાઈન્ડ ફોલ્ડ
- બ્રેઈલ પેપર્સ
- બ્રેઈલ સામયિક
- ફોલ્ડિંગ સ્ટિક

### શ્રવણ મંદ

- મોન્ટેસરી સાધનો
- મણકાઘોડી
- અંક ગણતરી
- દટ્ટા પેટી
- સયમના ચાર્ટ
- પશુ, પંખી, પ્રાણી, ફળ, ફૂલ ચાર્ટ
- અવાજવાળાં રમકડાં
- વ્યાકરણ ચાર્ટ
- રોજિંદા ઉપયોગની વસ્તુના ચાર્ટ
- જાહેર સ્થળોના ચાર્ટ
- વિજ્ઞાન પ્રયોગના સાધનો
- સ્વચ્છતા/આરોગ્ય
- પુસ્તકો જે તે ધોરણના
- ફર્નિચર સાથથ ગૃપહિયરિંગ એઈડ સિસ્ટમ
- સ્પિચ ટ્રેનર
- હિયરિંગ એઈડ
- ઓડિયોમેટ્રી માટે ઓડિયોમીટર
- માઈક સિસ્ટમ
- સ્પિચ તાલીમ માટે ટેબલ-ખુરશી કાચ સાથે ફિક્સ
- સ્પિચ કીટ
- લૅંગ્વેજ કીટ

### માનસિક ક્ષતિ

- વાર્તાનો ચાર્ટ (રિટર્ન-પેટર્ન સાથે)
- દૈનિકક્રિયાની પ્રત્યક્ષ વસ્તુ જેમ કે દાંતિયો, કાચ, પાઉડર, બ્રશ
- સ્પોર્ટસના સાધનો
- એક, તહેવાર, ફળ, ફૂલ, શાકભાજીના ચાર્ટ
- મોન્ટેસરી સાધનો
- મણકાઘોડી
- અંક ગણતરી
- દટ્ટા પેટી
- સમયના ચાર્ટ
- પશુ, પંખી, પ્રાણી, ફળ, ફૂલ ચાર્ટ
- અવાજવાળા રમકડાં
- ટી.વી., ટેપ/કૉમ્પ્યુટર
- બાળવાર્તાની કૅસેટ
- જોકડણાંની કૅસેટ
- ડ્રાઈંગબોર્ડ ચિત્ર માટે
- સંગીતના સાધનો
- અંગ કસરતના સાધનો
- ફિઝિયોથેરાપીની કસરતને લગતાં સાધનો
- પઝલ્સ
- વિવિધ રમકડાં
- આઈક્યુ ટેસ્ટના ચાર્ટ

- **રિસોર્સરૂમ પર મેળવવાના દસ્તાવેજ :** રિસોર્સરૂમ પરની મુલાકાતો અને પ્રવૃત્તિઓ માટે વિવિધ રજિસ્ટરો નિભાવવા જરૂરી છે. જેથી તેની પ્રવૃત્તિઓ તથા આયોજનોનો ખ્યાલ આવી શકે.
  - બાળકોનું હાજરીપત્રક
  - શિક્ષકોનું હાજરીપત્રક
  - બાળકોના પ્રોગ્રેસ રિપોર્ટનું રજિસ્ટર
  - પ્રવૃત્તિઓના આયોજનનું રજિસ્ટર
  - થઈ ગયેલી પ્રવૃત્તિઓનું રજિસ્ટર અને યાદી
  - ડેડ-સ્ટોક રજિસ્ટર
  - અહેવાલોનું રજિસ્ટર
  - મિનિટબુક્સ
  - વિઝિટ બુક

આમ, રિસોર્સરૂમ વિકલાંગ બાળકોને આનંદિત, હળવું, પ્રફુલ્લિત વાતાવરણ પૂરું પાડે છે. વિશિષ્ટ સાધનોના ઉપયોગ દ્વારા અધ્યાપન પ્રક્રિયા સરળ બને છે, પ્રેરણાદાયી બને છે. મિત્ર વર્તુળ દ્વારા સામાજિકરણમાં ઉપયોગી બને છે.

વિશિષ્ટ બાળકની વ્યથા :

‘‘ તમે મારી આગળ ચાલશો નહીં,
કદાચ હું તમને અનુસરી નહીં શકું,
તમે મારી પાછળ ચાલશો નહીં,
કદાચ હું તમને દોરવી નહીં શકું.
તમે મારી સાથે ચાલો,
મારા સાથી અને સહાયક બનીને...’’

## સ્પેશિયલ ટ્રેનિંગ શાખા :

**નાગરીક : શાળા બહારના બાળકોને કોને કહેવાય ?**

**શિક્ષક** : 6 થી 14 વર્ષની વયજૂથના બાળકો પૈકી જે બાળકો કદી શાળીએ ગયા નથી અથવા શાળામાંથી ધો. 1 થી 8 સુધી પ્રારંભિક શિક્ષણ પૂર્ણ થયું નથી તેવા તમામ બાળકો.

**નાગરીક : શાળા બહારના બાળકો માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ 2009ની જોગવાઈ અન્વયે શું જોગવાઈ છે ?**

**શિક્ષક** : રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ 2009ની જોગવાઈ અન્વયે 6 થી 14 વર્ષના તમામ બાળકોને સમાનતાના ધોરણ મફત, ફરજિયાત પ્રારંભિક શિક્ષણ પ્રાપ્ત થાય તે જરૂરી છે. જે અન્વયે કોઈ કારણથી શાળા પ્રવેશથી વંચિત અથવા શાળામાંથી ઊઠી ગયેલા બાળકોની ઓળખ થયા બાદ તેની વયકક્ષા મુજબના ધોરણમાં (જી.આર.૫૨) ચડાવવું. તેમ જ બાળકને વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ કરવા માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ મેળવવાનો અધિકાર છે.

**નાગરીક : શાળા બહારના બાળકોની ઓળખ સંબંધે એસ.એસ.સી.ની શી ભૂમિકા છે ?**

**શિક્ષક** : શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા ગામ/વોર્ડના વિસ્તારમાં આવેલા 6 થી 14 વર્ષની વયજૂથના બાળકો પૈકી જે બાળકો કદી શાળાએ ગયા નથી અથવા શાળામાંથી ધો. 1 થી 8 સુધી પ્રારંભિક શિક્ષણ પૂર્ણ થયું નથી તેવા તમામ બાળકોની સર્વે દ્વારા ઓળખ કરવી.

**નાગરીક : સામાન્ય શાળામાં નામાંકન શું છે ?**

**શિક્ષક** : ગામ/વોર્ડ વિસ્તારમાં આવેલા 6 થી 14 વર્ષની વયકક્ષા મુજબના ધોરણમાં જનરલ રજિસ્ટાર (જી.આર. ૫૨) ચડાવવા.

**નાગરીક : સ્પેશિયલ ટ્રેનિંગ શું છે ?**

**શિક્ષક** : બાળકને વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ કરવા માટે શાળામાં સમયવસ્કો સાથે શિક્ષણ માટેની વ્યવસ્થા જેના દ્વારા કક્ષામુજબની ક્ષમતા સિદ્ધ કરી ધો. 1 થી 8 સુધીનું પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરે.

**નાગરીક** : સ્પેશિયલ ટ્રેનિંગના મુખ્ય હેતુઓ કયા કયા છે ?

**શિક્ષક :**
1. શાળા બહારના વિકલાંગ સહિત બાળકનું નામાંકન.
2. વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ કરવી.
3. મેઈનસ્ટ્રિમ.
4. પ્રારંભિક શિક્ષણ પૂર્ણ.

**નાગરીક : એસ.ટી.પી. વર્ગો ક્યાં ચાલે છે ?**

**શિક્ષક** : એસ.ટી.પી. વર્ગો શક્ય હોય ત્યાં સુધી શાળાનાં પ્રાંગણમાં અને શાળાના સમયમાં ચાલે છે.

**નાગરીક : એસ.ટી.પી. વર્ગોમાં શિક્ષણ કાર્ય કોણ કરે છે અને તેમની પસંદગી કેવી રીતે થાય છે ?**

શિક્ષક : એસ.ટી.પી. વર્ગો બાળમિત્રો દ્વારા ચાલે છે. તેમની પસંદગી શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) દ્વારા કરવામાં આવે છે.

નાગરીક : **સ્પેશિયલ ટ્રેનિંગ કેટલા સયમ ગાળા માટે હોય છે ?**

શિક્ષક : ઓછામાં ઓછા 3 માસ વધુમાં વધુ 20 માસ.

- **સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ-બિનનિવાસી (3 માસ) :**

6 થી 8 વયજૂથના આ બાળકો સામાન્ય શાળામાં પ્રવેશ મેળવે તે પહેલાં તેમને શાળાના વાતાવરણથી પરિચિત થાય, શાળાનો ડર દૂર થાય તે હેતુથી શૈક્ષણિક રીતે સજ્જ કરવા માટે ત્રણ મહિના માટે સ્પેશિયલ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં એક વર્ષથી ઓછા સમયથી ડ્રોપઆઉટ હોવ તેવા બાળકોનો સમાવેશ કરવામાં આવે છે.

- **સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ - બિનનિવાસી (12 માસ) :**

9 થી 14 વયજૂથના કદી શાળાએ ન ગયેલ બાળકો સામાન્ય શાળામાં પ્રવેશ મેળવે તે પહેલાં તેમને શાળાના વાતાવરણથી પરિચિત થાય, શાળાનો ડર દૂર થાય તે હેતુથી અને એક વર્ષથી વધુ સમયગાળાથી ડ્રોપઆઉટ હોય તેવા બાળકોને તેમની વયને અનુરૂપ ધોરણ માટે શૈક્ષણિક રીતે સજ્જ કરવા માટે તેમ જ જીવન કૌશલ્યલક્ષી શિક્ષણ આપવા માટે 20 માસ સુધી સ્પેશિયલ ટ્રેનિંગનું આયોજન થાય છે.

નાગરિક : **એસ.ટી.પી. વર્ગના બાળકોને શિક્ષણ કાર્ય અને સ્વઅધ્યયન માટે શું આપવામાં આવે છે ?**

શિક્ષક : એસ.ટી.પી. વર્ગના બાળકોને સ્વઅધ્યયન અને પ્રવૃત્તિ માટે સ્વઅધ્યયનપોથી તેમ જ સેલ્ફ લર્નિંગ કાર્ડ આપવામાં આવે છે.

નાગરીક : **એસ.ટી.પી. સેન્ટરના બાળકોની કોઈ પરીક્ષા લેવામાં આવે છે ?**

શિક્ષક : આર.ટી.ઈ. એક્ટ, 2009 પ્રમાણે કોઈ પરીક્ષા લેવામાં આવતી નથી પરંતુ સમયાંતરે બાળકોની સિદ્ધિનું સ્તર જાણવામાં આવે છે.

નાગરિક : **આ સિવાય બાળકોને શું લાભ મળે છે ?**

શિક્ષક : આ સિવાય બાળકોને મધ્યાહ્ન ભોજન, નોટબુક, પેન્સિલ, હેલ્થકીટ અને શાળાની પ્રવૃત્તિઓમાં સહભાગી થવા મળે છે.

નાગરિક : **વર્ગોનો સમયગાળો કોના દ્વારા નક્કી કરવામાં આવે છે અને કેવી રીતે ?**

શિક્ષક : વર્ગોનો સમયગાળો મુખ્ય શિક્ષક દ્વારા મૂલ્યાંકનના આધારે નક્કી કરવામાં આવે છે.

નાગરિક : **સ્પેશિય ટ્રેનિંગ પ્રોગ્રામના સંદર્ભમાં SMCની શી ભૂમિકા છે ?**

શિક્ષક : ગામની અંદર રહેલા 6 થી 14 વયજૂથના શાળા બહારના બાળકોને શોધી તેમને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં સાંકળવા.

નાગરિક : **સ્પેશિયલ ટ્રેનિંગ દરમિયાન અને પૂર્ણ થયા બાદ SMCની શી ભૂમિકા છે ?**

શિક્ષક : સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામના બાળકો સામાન્ય શાળામાં મેઈનસ્ટ્રિમ થયા બાદ આ બાળકોની સામાન્ય શાળામાં નિયમિતતા જળવાય તે માટે ટ્રેકિંગ અને નિયમિત બાળકોનો વાલીસંપર્ક કરવો, જિલ્લા/કોર્પોરેશન કક્ષાએથી જે ગ્રાન્ટ ફાળવવામાં આવે તેનો ઉપયોગ કરવો.

**નાગરિક : સ્થળાંતર કરતાં શાળા બહારના બાળકોના શિક્ષણનું શું ?**

**શિક્ષક :** સ્થળાંતર કરીને આવતા કે જતાં બાળકોના માઈગ્રેશન ફોર્મ જૂન-જુલાઈ માસમાં મૂળગામાં જ શાળા કક્ષાએથી ભરાવવામાં આવે છે. ત્યારબાદ માઈગ્રેશન મોનિટરિંગ સિસ્ટમ (MMS)માં ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે છે.

**નાગરિક : માઈગ્રેશન મોનિટરિંગ સિસ્ટમ (MMS) શું છે ?**

**શિક્ષક :** રોજી રોટી માટે વાલી સાથે સ્થળાંતર કરતાં વાલીઓના બાળકોના સ્થળાંતરના સમયગાળા દરમિયાન મૂળ ગામ, કામના સ્થળે નજીકની શાળામાં, કામના સ્થળે શિક્ષણ નિરંતર ચાલુ રહે તે માટે ટ્રેકિંગ માટેની વ્યવસ્થા.

**નાગરિક : સ્થળાંતર કરતાં બાળકોના શિક્ષણનું શું ?**

**શિક્ષક :** રાજ્યની અંદર રોજીરોટી માટે વાલીઓ સાથે સ્થળાંતર કરતા 6 થી 14 વયજૂથના શાળા બહારના બાળકો માટે મૂળ ગામમાં જ સિઝનલ હોસ્ટેલ (નિવાસી) કરવામાં આવે છે. જેમાં બાળકોને શિક્ષણની સાથે રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. જેનો સમયગાળો મહત્તમ 8 (આઠ) માસ સુધીનો હોય છે.

**નાગરિક : સિઝનલ હોસ્ટેલના બાળકોને શું શું લાભ આપવામાં આવે છે ?**

**શિક્ષક :** સિઝનલ હોસ્ટેલમાં બાળકોને સલામત રીતે રહેવાની જમવાની, વિશેષ અધ્યયન, રમત-ગમતની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

**નાગરિક : રાજ્યના અને અન્ય રાજ્યના સ્થળાંતર કરીને કામના સ્થળે આવેલા બાળકોના શિક્ષણનું શું ?**

**શિક્ષક :** રાજ્યના અને અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરીને ગુજરાતમાં આવતાં બાળકો માટે જ્યાં વાલીઓ કામકાજના સ્થળે રોકાય છે. ત્યાં નજીકની શાળામાં અથવા કામના સ્થળે જે ટેન્ટ સ્પેશિયલ ટ્રેનિંગ દ્વારા શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે. જેમાં 6 થથ 14 વર્ષના વયજૂથના બાળળો માટે શિક્ષણની વ્યવસ્થા પૂરી પાડવા માટે ટેન્ટ સ્પેશિયલ ટ્રેનિંગ કરવામાં આવે છે.

**નાગરિક : ટ્રાન્સપોર્ટેશનનો લાભ કોને મળી શકે છે ?**

**શિક્ષક :** જે વિસ્તારમાં પ્રાથમિક શાળાનું રહેઠાણથી અંતર એક કિલોમીટર વધુ ને વધુ ઉચ્ચતર પ્રા. શાળાનું અંતર ત્રણ કિલોમીટરથી વધુ હોય તેવા વિસ્તારના બાળકોને ટ્રાન્સપોર્ટેશનનો લાભ મળે છે.

**નાગરિક : ટ્રાન્સપોર્ટેશનનું સંચાલન કોના દ્વારા થાય છે ?**

**શિક્ષક :** ટ્રાન્સપોર્ટેશનનું સંચાલન શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા થાય છે.

**નાગરિક :** ટ્રાન્સપોર્ટેશનના લાભ શું છે ?

**શિક્ષક :** ટ્રાન્સપોર્ટેશનથી બાળકોની નિયમિતતામાં વધારો થાય અને ડ્રોપઆઉટ રેટમાં ઘટાડો થાય છે.

## સર્વ શિક્ષા અભિયાન મિશન
## સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ યુનિટ

**(1) એસ.ટી.પી. વર્ગ :**

6 થી 14 વર્ષના શાળા પ્રવેશથી પ્રવેશથી વંચિત, અધવચ્ચે શાળા છોડી જનાર તથા ઉપલા ધોરણમાં ન જઈ શકનાર બાળકોને સામાન્ય શાળામાં નામાંકિત કરી વયકક્ષા મુજબની શૈક્ષણિક ક્ષમતા સિદ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડી દેવા માટેની તેમ જ બાળક પ્રારંભિક શિક્ષા પૂર્ણ કરે તે માટેની વ્યવસ્થા.

**(2) મેઈન સ્ટ્રીમ :**

સ્પેશિયલ ટ્રેનિંગ અંતર્ગત બાળકની વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ થયે મૂલ્યાંકનના આધારે સામાન્ય શાળામાં સમવયસ્કો સાથે શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડી દેવાની પ્રક્રિયા.

**(3) બાળમિત્ર :**

સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત બાળકોને વય કક્ષા મુજબની શૈક્ષણિક સજ્જતા સિદ્ધ કરાવવા અમુક સમયમર્યાદા સુધી SMC ના સભ્યો દ્વારા નિમણૂક અપાયેલ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરતો સ્થાનિક વ્યક્તિ.

**(4) સર્વે :**

6 થી 14 વર્ષની વય જૂથના બાળકોને વય કક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ કરવા, સ્પેશિયલ ટ્રેનિંગ પૂરી પાડવાના હેતુથી પ્રેરિત વસાહતથી રાજ્ય કક્ષા સુધી પ્રાપ્ત થયેલ માહિતીના આધારે શાળા બહારના બાળકોની ઓળખ અને વિશિષ્ટિકરણની પ્રક્રિયા.

મનોજ અગ્રવાલ (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર-પ્રાથમિક શિક્ષણ અને
મધ્યાહ્ન ભોજન યોજના

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ (ગુજરાતરાજ્ય)
ફોન નં. : (૦૭૯) ૨૩૨ ૪૧૧ ૩૩,
ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨ ૪૧૨ ૪૭૬
હેલ્પ લાઈન નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૫
E-mail : dpepgujarat@yahoo.com
Web : www.ssagujarat.org

---

નં. એસએસએ/એ.એસ/૨૦૧૨/૧૫૫૭૧-૫૯૯ તા. ૧૨/૪/૨૦૧૨

૧. પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સર્વ શિક્ષા અભિયાન,
જિલ્લા શિક્ષણ સમિતિ,
જિલ્લા : તમામ

૨. શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
મહાનગર પાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં (૧૦ અને ૨૦ માસ)માં આવરી લેવાયેલા બાળકોનું સામાન્ય શાળામાં નામાંકન કરાવવા બાબત.**

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ૬ થી ૧૪ વયના શાળાના બહારના બાળકોને AIE (Alternative & Innovation Education) યોજનામાં સાંકળી શિક્ષણનું સર્વત્રીકરણનું ધ્યેય પ્રાપ્ત કરવાનું અપેક્ષિત છે.

વર્ષ ૨૦૧૨-૧૩માં રાઈટ ટુ એજ્યુકેશન-૨૦૦૯ની જોગવાઈને ધ્યાને લઈને રાજ્યમાં શાળા બહારના બાળકો માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે.

સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ-૩ માસ (૬ થી ૮ વર્ષના) અને (૧૨ માસ) માં ૯ થી ૧૪ વયજૂથના કદીએ શાળાએ ન ગયેલ બાળકો અને એક વર્ષથી વધુ સમયથી ડ્રોપઆઉટ હોય તેવા બાળકોને સમાવેશ કરવામાં આવનાર છે. સ્પેશિયલ ટ્રેનિંગ બાળમિત્ર દ્વારા તા.૧ એપ્રિલ, ૨૦૧૨ થી શરૂ કરવામાં આવેલ છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ એપ્રિલ-૨૦૧૦ થી અમલમાં આવ્યો છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની જોગવાઈઓ મુજબ કોઈપણ બાળક તે શાળામાંતી ડ્રોપઆઉટ હોય કે કદીએ શાળાએ ન ગયેલ હોય તો બાળકને તેની વયને અનુરૂપ ધોરણમાં સામાન્ય શાળામાં પ્રવેશ અપાવવો. ત્યારબાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ થાય તે માટે તે ધારણ માટે તેને સ્પેશિયલ ટ્રેનિંગ આપી શૈક્ષણિક રીતે સજ્જ કરવો.

રાઈટ ટુ એજ્યુકેશન-૨૦૦૯ની જોગવાઈને ધ્યાને લઈને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં સમાવિષ્ટ તમામ બાળકોને વયને અનુરૂપ ધોરણમાં સામાન્ય શાળામાં ફરજિયાત પ્રવેશ આપવા માટે આપની કક્ષાએથી સંબંધિત તમામને જરૂરી સૂચનાઓ પાઠવશો તેમજ કરેલ કાર્યવાહીની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(મનોજ અગ્રવાલ)

# સર્વ શિક્ષા અભિયાન મિશન - ગુજરાત

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ - ગાંધીનગર

ઓલ્ટરનેટીવ એન્ડ ઈનોવેટીવ એજ્યુકેશન

ફોર્મ નંબર :

તારીખ :

## માઈગ્રેશન કાર્ડ

બાળકની સ્થળાંતરની સ્થિતિ: [ ] જાય છે / [ ] આવેલ છે (લાગુ પડે તેમાં [✓] ની નિશાની કરો)

બાળક ક્યાંથી સ્થળાંતર થાય છે તેની વિગત:

| | | | | | |
|---|---|---|---|---|---|
| રાજ્ય : | | જિલ્લો : | | તાલુકો : | |
| ક્લસ્ટર : | | ગામ : | | શાળાનો ડાયસ કોડ : | |
| શાળા/AIEનું નામ : | | | | | |

| બાળકની અટક | બાળકનું નામ | વાલીનું નામ | જાતિ (૧-કુમાર, ૨-કન્યા) | જન્મ તારીખ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | તા. | માસ | વર્ષ |
| | | | | | | |

| જાતિ (1=SC, 2=ST, 3=OBC, 4=GEN) | ધર્મ (1=Hindu, 2=Muslim, 3=Isai, 4=Shikh, 5-Jain, 6-Other) | વિકલાંગ હોય તો તેનો પ્રકાર (1-VI,2-HI, 3-MR, 4-OH, 5-Multiple 0-Not Applicable | માતૃભાષા | શાળામાં ભણે છે ? હા / ના | જો ના હોય તો ડ્રોપઆઉટ છે ? હા / ના | જીઆર નંબર | ધોરણ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

| વાલીનો વ્યવસાય* | સ્થળાંતર સિઝનલ કરે છે ? હા / ના | સ્થળાંતરની કક્ષા (૧-રાજ્ય બહાર, ૨-રાજ્યમાં જ જિલ્લા બહાર, ૩-જિલ્લામાં જ તાલુકા બહાર) | સ્થળાંતરનો સમયગાળો | | સ્થળાંતરનું અંતર કિમીમાં |
|---|---|---|---|---|---|
| | | | ક્યા માસથી | ક્યા માસ સુધી | |
| | | | | | |

* (૧-મીઠું પકવવાનું કામ / અગરિયા, ૨-[illegible], ૩-બાંધકામ, ૪-[illegible], ૫-[illegible], ૬-[illegible], ૭-[illegible], ૮-[illegible] મજૂરી, ૯-માછીમાર, ૧૦-પશુપાલન, ૧૧-અન્ય)

---

બાળક સ્થળાંતર થઈ ક્યાં જાય છે તેની વિગત: (જો બાળક સ્થળાંતર થઈ જાય છે તો મોકલનાર શાળાએ ગામ સુધીની માહિતી ભરવી.)

| | | | |
|---|---|---|---|
| રાજ્ય: | | જિલ્લો : | |
| તાલુકો : | | ગામ : | |

| | | | |
|---|---|---|---|
| ક્લસ્ટર : | | શાળાનો ડાયસ કોડ : | |

શાળા/AIEનું નામ :

| | | | |
|---|---|---|---|
| ધોરણ : | | દાખલ તારીખ : | |

[ ] આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત બાળક અત્રેથી સ્થળાંતર થઈને જાય છે.

[ ] આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત સ્થળાંતર થઈને આવેલ બાળકને અત્રેની શાળામાં દાખલ કરેલ છે.

(લાગુ પડે તેમાં [✓] ની નિશાનીકરો)

મુખ્ય શિક્ષકની સહી અને સિક્કો

## SMCનાં સભ્યો એસ.ટી.પી સંબંધિત ભૂમિકા

RTEની
જાણકારી સમાજને
આપીશું.

શાળા બહારનાં
બાળકોને
પ્રવેશ અપાવીશું.

મધ્યાહ્ન ભોજન
યોજનામાં 100%
બાળકો લાભ લે
તેમ કરીશું.

ગામના બાળકોનું
100% નામાંકન
થાય તેવું કરીશું.

શાળાની ભૌતિક
સુવિધા વધારવા
પ્રયત્નો કરીશું.

**SMCનાં સભ્યોની ભૂમિકા**

દરેક બાળકને શિક્ષણની
સમાન તક આપી
સર્વાંગી વિકાસ કરીશું.

શાળાની કામગીરી
ઉપર દેખરેખ અને
નિયંત્રણ રાખીશું.

પ્રારંભિક શિક્ષણ
પૂર્ણ થાય
ત્યાં સુધી ટ્રેકિંગ

શાળા મરામત
માટેનું આયોજન
તૈયાર કરીશું.

ગ્રાન્ટ વપરાશ
દેખરેખ રાખીશું.

બાળકોને ગુણવત્તાયુક્ત
પરશિક્ષણ પ્રાપ્ત
થાય તે જોઈશું.

# 7. હિસાબી અને નાણાંકીય કામગીરી

SMCના તમામ સભ્યોએ શાળાના હિસાબી દફતરને લગતી તમામ માહિતી ઉપર ધ્યાન આપવાનું રહેશે. સર્વ શિક્ષા અભિયાનના નાણાંકીય મેન્યઅલ અનુસાર શાળા કક્ષાએ દરેક નાણાંકીય વર્ષ માટે નીચે મુજબનું હિસાબી દફતર નિભાવવાનું હોય છે.

1. રોજમેળ
2. ખાતાવહી
3. વાઉચર ફાઈલ
4. બિલ રજિસ્ટર
5. ચેક ઈસ્યુ રજિસ્ટર
6. બેન્ક સ્ટેટમેન્ટ/પાસબુક
7. ડેડ સ્ટોક રજિસ્ટાર
8. સ્થાયી મિલકત રજિસ્ટર
9. સ્ટોક રજિસ્ટાર
10. આવક-જાવક રજિસ્ટાર
11. ટી.એલ.એમ. રજિસ્ટર
12. ખર્ચ સિલકમેળ (પત્રક - 1)
13. બેન્ક સિલકમેળ (પત્રક - 2)
14. ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર (પત્રક - 3)
15. ઠરાવ બુક

- SMCના સભ્યોએ સને 2011-12થી ઉપરોક્ત મુજબનું હિસાબી દફતર શાળા કક્ષાએ SMCના સભ્ય સચિવ દ્વારા નિભાવવામાં આવેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવી.
- SMCના સભ્યોએ દર ત્રણ મહિને એક મિટિંગ બોલવાની હોય છે પરંતુ સભ્યોને હિસાબી કામગીરીને લગતા કામ અથવા કોઈ પ્રશ્નો હોય તો તેઓ એ માટે એકથી વધુ મિટિંગ બોલાવી શકે છે.
- SMCના સભ્યોએ શાળા કક્ષાએ થતી વિવિધ પ્રવૃત્તિઓ માટે નીચે મુજબના ઠરાવો કરવાના રહેશે.
  1. SMCનું બેંક ખાતું ખોલાવવાનો ઠરાવ.
  2. SMCને નાણાંકીય વર્ષની શરૂઆતમાં બેંકમાં જમા થયેલ ગ્રાન્ટની ખાતરી કરી મળેલ ગ્રાન્ટના વપરાશના આયોજન અંગેનો ઠરાવ.
  3. SMC દ્વારા પ્રોજેક્ટની વિવિધ પ્રવૃત્તિઓની સમીક્ષા અને તેમાં મેળવેલ સિદ્ધિ અંગનો ઠરાવ.
  4. SMC દ્વારા વર્ષના અંતે નાણાંકીય વર્ષ દરમિયાન વર્ષ દરમિયાન કરેલ ખર્ચની સમીક્ષા કરી તેના હિસાબો, ખર્ચ પત્રક, બેન્ક સિલક મેળ તેમ જ નાણાં વપરાશ પ્રમાણપત્ર (યુટીસી) મોકલવા અંગેનો ઠરાવ.
- બેંક સિલક સભ્ય સચિવ/હિસાબનીય દ્વારા રોજમેળ નિયમિત નિભાવાય તેમ જ રોજમેળની બંધ સિલક અને બેન્કના ખાતાની બંધ સિલક મળી રહે છે કે કેમ ? તે અંગેના બેંક રિકન્સિલેશન સ્ટેટમેન્ટની ચકાસણી કરવી.
- જો ઈસ્યુ કરેલ ચેક લાંબા સમય સુધી બાકી રહેલ હોય તો તે અંગે મિટિંગમાં ચર્ચા કરી તેનું નિરાકરણ લાવવું.
- શાળાના સભ્ય સચિવ/હિસાબનીશ દ્વારા રોજમેળમાં કરેલ નોંધ મુજબ ખાતાવહીમાં ખતવણી કરેલ છે કે કેમ ?

- શાળાના સભ્ય સચિવ દ્વારા નીચેના રજિસ્ટરમાં મળેલ માલની તુર્તજ નોંધ કરી વર્ષમાં એક વાર ફિક્ષ્ડ એસેટ રજિસ્ટરમાં દર્શાવેલ માલસામાનની ભૌતિક ચકાસણી કરેલ છે કે કેમ ? તેની ચકાસણી SMC એ કરવી.

  1. **ફિક્ષ્ડ એસેટ રજિસ્ટર : મકાન, ફર્નિચર, કૉમ્પ્યુટર, વૉટર કુલર, અન્ય કામયી મિલકત.**
  2. **ડેડ સ્ટોક રજિસ્ટર : અન્ય વપરાશની મિલકતો, સ્ટેશનરી.**
  3. **ટી.એસ.એમ. રજિસ્ટર : પુસત્કો, ચાર્ટસ, ભણાવવાનું અન્ય મટિરિયલ્સ, મેગેઝિન.**

- શાળા સભ્ય સચિવ/હિસાબનીશ દ્વારા શાળાનું દફતર નિયમિત નિભાવાય અને તેનું ઓડિટ થાય તેની તકેદારી રાખવી.
- SMCના ઓડિટમાં ઉપસ્થિત થયેલ ઓડિટ પારાની મિટિંગમાં ચર્ચા કરી તેનું નિરાકરણ કરવું.
- SMCના સભ્ય સચિવની બદલી થાય અથવા તો તેઓ નિવૃત્ત થાય ત્યારે તેઓના સમયગાળા સુધીનું તમામ હિસાબી દફતર નિભાવેલ છે કે કેમ ? નવા સભ્ય સચિવને નિભાવેલ તમામ રેકર્ડ તબદીલ કરેલ છે કે કેમ ? રેકર્ડ સોંપ્યાનો ચાર્જ યાદી ઉપર રેકર્ડ આપનાર અને રેકર્ડ લેનારે સહી કરેલ છે કેમ ? નવા સભ્ય સચિવને ચેકબુક, હાથ ઉપરની રોકડની તબદીલી થયેલ છે કે કેમ ? પ્રવૃત્તિ માટે લીધેલ એડવાન્સ રીકુપ (ભરપાઈ કરવું) કરેલ છે કે કેમ ? તેની ચકાસણી SMC એ કરવી અને જો વિસંગતતા જણાય તો જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડિનેટનું ધ્યાન દોરવું.
- SMCના તમામ સભ્યોએ શાળાના નાણાંકીય વ્યવહાર ઉપર ધ્યાન રાખવું અને જો સભ્ય સચિવ અથવા હિસાબનીશ દ્વારા કોઈ નાણાંકીય અનિયમિતતા કે ઔચિત્યના સિદ્ધાંતનો ભંગ કરવામાં આવે તો તેની તાત્કાલિક જાણ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરને કરવી.

# શાળા વ્યવસ્થાપન સમિતિ SMCના સભ્યોની બેંકને લગતી કામગીરીની ફરજો

- શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના સભ્યોએ શાળા કક્ષાએ 'સર્વ શિક્ષા અભિયાન' દ્વારા મળતી ગ્રાન્ટ માટે School Management Committe...(શાળાનું નામ)ના નામે માત્ર રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતુ ખોલાવેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવાની રહેશે. સર્વ શિક્ષા અભિયાન સિવાય રાજ્ય સરકારશ્રીના ખાતાના વડા જેવા કે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, આંગણવાડી, મધ્યાહ્ન ભોજન યોજના વગેરે દ્વારા મળતી ગ્રાન્ટ માટે School Management Committe (Education).... (શાળાનું નામ) નામે રાષ્ટ્રીયકૃત બેન્કમાં અલગ ખાતુ ખોલાવેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવી.
- ઉપરોક્ત મુજબના બેંક ખાતા ખોલાવવા માટે SMCની મિટિંગમાં જરૂરી ઠરાવ કરેલ હોવો જોઈએ.
- SMCનું ખાતું સભ્ય સચિવ (શાળાના મુખ્ય શિક્ષક) તેમ જ SMCમાં બાળકોના માતા-પિતા કે વાલીઓમાંથી SMC માં નિયુક્ત થયેલ મહિલા સભ્યની સંયુક્ત સહીથી ખોલાવાય તેમ જ તમામ નાણાંકીય વ્યવહાર તેઓની સંયુક્ત સહીથી જ થાય તેની તકેદારી રાખવી.
- સર્વ શિક્ષા અભિયાન દ્વારા નાણાંકીય વર્ષ 2010-11 સુધી શાળાની વિલેજ એજ્યુકેશન કમિટિ (VEC)ને ફાળવેલ ગ્રાન્ટ પૈકી બાકી રહેલ બચત SMCના નવા ખેલાયેલ બેન્ક ખાતામાં જમા કરેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવી.
- સર્વ શિક્ષા અભિયાન દ્વારા નાણાંકીય વર્ષ 2010-11 સુધી શાળાની વિલેજ સિવિલ વર્કસ કમિટિ (VCWC)ને ફાળવેલ ગ્રાન્ટ બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી જૂનું બેંક ખાતું ચાલુ રાખવું અને કામ પૂર્ણ થતાં બચત જિલ્લા કચેરીને જમા કરાવવી. આવા જૂના બેન્ક એકાઉન્ટમાં SMCના નવા બેન્ક એકાઉન્ટ માટે નિયત કરેલ સભ્યોની સંયુક્ત સહીથી જ વ્યવહાર કરવા.
- શાળાની મળવાપાત્ર ગ્રાન્ટ શાળાના બેન્કના ખાતામાં જમા થયેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવી.
- SMCના સભ્ય સચિવ દ્વારા નાણાંકીય વ્યવહાર માટે વાપરેલ ચેકની નોંધ માટે ચેક ઈસ્યુ રજિસ્ટર નિભાવેલ છે કે કેમ ? તેની ચેકાસણી કરવી.
- SMCના સભ્ય સચિવ દ્વારા કોઈપણ ચૂકવણું બેરર ચેકથી ન થાય તેની કાળજી લેવી.
- SMCના બેંકના ખાતામાં બેન્ક દ્વારા જમા કરેલ વ્યાજનો વપરાશ સભ્ય સચિવ દ્વારા કોઈપણ હેતુ માટે થાય નહીં અને તે જિલ્લા ઑફિસને પરત કરવામાં આવે તેની કદેદારી રાખવી.
- SMC ના સભ્ય સચિવની બદલી અથવા તેઓ નિવૃત્ત થાય ત્યારે બેન્કના નાણાંકીય વ્યવહાર માટે બેંકમાં સહી બદલાવવાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં થયેલ હોવી જોઈએ અને તે અંગે SMCની મિટિંગમાં ઠરાવ કરેલ હોવો જોઈએ.

પ્રત્રક - 1

**SMC/BRC/CRC દ્વારા નિભાવવાનું માસિક હિસાબોનું પત્રક**

**.................. મારામાં થયેલ આવક-ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

| | | | | |
|---|---|---|---|---|
| 1. | ઉઘડતી સિલક | | | |
| 2. | હાથ પરની સિલક | | | |
| | બેન્કની સિલક | | | |
| | કુલ | | | |
| | **આવક** | | | |
| | 1. | જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તરફથી મળેલ રકમ/અનુદાન | | |
| | | (1) શિક્ષક ગ્રાન્ટ | | |
| | | (2) શાળા મરામત અને નિભાવણી ગ્રાન્ટ | | |
| | | (3) શાળા ગ્રાન્ટ | | |
| | | (4) ઈસીસીઈ ગ્રાન્ટ | | |
| | | (5) વૈકલ્પિક શિક્ષણ માટેની ગ્રાન્ટ | | |
| | | (6) કન્યા કેળવણીને પ્રોત્સાહન માટેની ગ્રાન્ટ | | |
| | | (7) ટી. એલ. એમ. ગ્રાન્ટ | | |
| | | (8) અન્ય. | | |
| | | કુલ | | |
| | 2. | ગામલોકો તરફથી મળેલ ફાળો/દાન | | |
| | | 1. વિકાસના કામ અંગે | | |
| | | 2. હરીફાઈ, ઉજવણી માટે | | |
| | | 3. પ્રવેશોત્સવ અંગે ફાળો | | |
| | | 4. અન્ય | | |
| | | કુલ | | |
| | 3. | વ્યાજ | | |
| | | બેન્ક એકાઉન્ટનું વ્યાજ | | |
| | | કુલ | | |
| | 4. | અન્ય આવક | | |
| | | 1. | | |
| | | 2. | | |
| | | 3. | | |
| | 5. | પેશગી | | |
| | 6. | અનામ | | |
| | | કુલ આવક | | |
| | | ઉઘડતી સિલક સાથેની કુલ આવક | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | **ખર્ચ** | | |
| | 1. | શિક્ષક ગ્રાન્ટમાંથી ખર્ચ | | |
| | 2. | શાળા મરામત અને નિભાવણી ગ્રાન્ટ | | |
| | 3. | શાળા ગ્રાન્ટમાંથી ખર્ચ | | |
| | 4. | ઈસીસીઈ ગ્રાન્ટમાંથી ખર્ચ | | |
| | 5. | એ. એલ. એસ. (વૈકલ્પિક માટેની ગ્રાન્ટ) | | |
| | 6. | કન્યા કેળવણીને પ્રોત્સાહન ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચ | | |
| | 7. | ટી. એલ. એમ. ખર્ચ | | |
| | 8. | અન્ય ખર્ચ | | |
| | | સિવિક વર્ક ખાતે થયેલ ખર્ચ | | |
| | | કામનું નામ | | |
| | | ગામના ફાળામાંથી થયેલ ખર્ચ | | |
| | | કામનું નામ | | |
| | 1. | થયેલ ખર્ચ | | |
| | 2. | પ્રવેશોત્સવ અંગે ખર્ચ | | |
| | 3. | હરીફાઈ, ઉજવણી અંગે ખર્ચ | | |
| | | અન્ય ખર્ચ | | |
| | | પેશગી | | |
| | | અનામત પરત | | |
| | | કુલ | | |
| | | બંધ સિલક | | |
| | | તારીખ | | |
| | 1. | હાથ પર રોકડ | | |
| | 2. | બેન્કમાં સિલક | | |

સહી :

અધ્યક્ષશ્રી શાળા વ્યવસ્થાપન સમિતિ

ગામ ..........................................

સહી

SMC/BRC/CRC

ગામ ..........................................

# કન્યા શિક્ષણ

**તાલીમ કાર્ય પદ્ધતિ :**

(1) તજજ્ઞ દ્વારા શિક્ષકોને મોડ્યુલમાં આપેલ કેસ સ્ટડીનો ક્રમશઃ અભ્યાસ કરવા માટે જણાવશે અને તેમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નોને નોંધવાનું જણાવશે. (પ્રત્યેક કેસ સ્ટડી માટે 15 મિનિટ ફાળવવી.)

(2) 3 (ત્રણ) કેસ સ્ટડીના અભ્યાસ બાદ કેસ સ્ટડીના આધારે કન્યા શિક્ષણ માટેના મહત્ત્વના મુદ્દાઓની સમજ આપશે.

(3) તજજ્ઞ દ્વારા સક્રિય રીતે કેસ સ્ટડીના તમામ મુદ્દાઓની વિગતે માહિતી આપીને સમજાવશે.

**કેસ સ્ટડી - 1**

સુરેન્દ્રનગર જિલ્લાનું લખતર તાલુકાનું નાનું એવું ખેતી પર નિર્ભર માલિકા ગામ, જેમાં રહેતી શીતલ વંથડા એકદમ અલ્લડ છોકરી, બકરા ચરાવવા, બોર વિણવા, ખેતરને શેઢે ભમવું એ તેનો શોખ. અન્ય છોકરીઓ શાળામાં ભણતી હોય ત્યારે તે ખેતરના શેઢે દોડતી ભમતી હોય. એની જ શાળામાં જ્યારે મીના કેમ્પેઈન કાર્યક્રમ શરૂ થયો ત્યારે શિક્ષક દ્વારા તેને શાળામાં નિયમિત કરવાના પ્રયત્નના ભાગરૂપે તે શાળામાં નિયમિત આવતી થઈ. દરેક પ્રવૃત્તિઓમાં તેને રસ જાગ્યો. મીનામંચની સભ્ય બની, અને ધીરે-ધીરે તેની નિયમિતતા વધતી ગઈ. દરેક પ્રવૃત્તિમાં તેની સહભાગીદારી વધી. અભ્યાસિક અને અભ્યાસતર પ્રવૃત્તિઓમાં તેનો આત્મ વિશ્વાસ વધતો ગયો. એકદમ અલ્લડ છોકરી શિક્ષણમાં આગળ જવા લાગી. પોતાનામાં મીનાના પાત્રને આત્મસાત કરવા લાગી. સર્વ પ્રથમ તેણે પોતાના સપનાને ઘોડે સવારી દ્વારા સાકાર કર્યું. મીનાની વાર્તાઓ, ફિલ્મ વગેરે એના પર એટલી અસર કરી હતી કે દરેક સમસ્યાનું સમાધાન તે પોતે કરી શકે છે, દરેક કાર્ય કરવા તે સક્ષમ છે તેમ માની દરેક કાર્ય કરતી. એક દિવસ તેણે આત્મવિશ્વાસ સભર પિતાની ખેતીમાં મદદ કરવા ટ્રેક્ટર પર હાથ અજમાવ્યો અને આજે શીતલ ટ્રેક્ટર ચલાવે છે, તેને રીપેર પણ કરી જાણે છે. આજે તે સાતમાં ધોરણમાં અભ્યાસ કરે છે.

- **કેસ સ્ટડીના સંદર્ભમાં આપણા સમુદાયની આસ-પાસ કન્યા શિક્ષણને લઈને નીચેના પ્રશ્નોની ચર્ચા થવી જરૂરી છે.**

(1) કન્યા શિક્ષણ અંતર્ગત શાળા કક્ષાએ કરવામાં આવતા કાર્યક્રમો કન્યાઓનું શાળામાં નામાંકન કરવા અને નિયમિત કરવા આવવા પ્રોત્સાહિત કરે છે ? આપના મંતવ્યો ઉદાહરણ સાથે નોંધો.

(2) શાળામાં કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા થતા કાર્યક્રમ, શાળાના અભ્યાસના વિષયોને સમજવામાં પણ કન્યાઓને મદદરૂપ બને છે ? કઈ રીતે ? આપના મંતવ્યો ઉદાહરણ સાથે નોંધો.

**કેસ સ્ટડી - 2**

વડોદરા જિલ્લાના આદિવાસી વિસ્તારની કન્યા વર્ષાબેન ગીમાભાઈ રાઠવા જે ક્યારેય શાળામાં ગઈ ન હતી. પિતા ખેતમજુર હોઈ, આર્થિક સ્થિતિ નબળી, દિકરાને શાળામાં મોકલતાં પરંતુ દીકરીઓને મોકલતા ન હતા. પોતાના ભાઈને શાળાએ જતો જોઈને વર્ષાને શાળામાં જવાનું ખૂબ મન થતું. પોતાના ગામના શિક્ષક દ્વારા વર્ષાને કેજીબીવીમાં મૂકવાના પ્રયત્નોના ફળ સ્વરૂપ વર્ષાએ (કેજીબીવી)માં વર્ષ 2008-09માં પ્રવેશ મેળવ્યો. અને ભણવામાં રસ હોઈ તેણે સી.એલ (વર્ગની કક્ષા) - 1 થી 4ની શૈક્ષણિક ક્ષમતા 1 (એક) વર્ષમાં મેળવી લીધી. સાથે સાથે શિક્ષણથી વંચિત ગામની અન્ય કન્યાઓને પણ કેજીબીવીમાં દાખલ કરાવી. કેજીબીવીમાં અભ્યાસની સાથે વર્ષા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ખૂબ સરળતાથી શીખતી, તેમાંય પોતાના વિસ્તારની સહઅભ્યાસિક કૌશલ્યલક્ષી પ્રવૃત્તિ જેવી કે ઔષધી બનાવવી, જંગલ પેદાશોમાંથી હસ્તકલાના નમૂના વગેરે બનાવતી, તેમજ પોતે શીખેલ તાલીમ અન્ય કન્યાઓને પણ શીખવતી. આમ કેજીબીવીમાં વર્ષાના વ્યક્તિત્વનો ખૂબ વિકાસ થયો, કેજીબીવીમાં અપાતી સ્વરક્ષણની કરાટે તાલીમ દ્વારા તેના આત્મવિશ્વાસમાં ખૂબ વધારો થયો. સ્વરક્ષણ તાલીમ અંતર્ગત વર્ષાએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ચંદ્રક મેળવ્યો છે. અભ્યાસમાં પણ વર્ષા ખૂબ જ તેજસ્વી છે. વર્ષા પોતાના વ્યવસાયને લગતો નિર્ણય જાતે લેવા માંગે છે. હવે પોતાના વિચારોની સ્વયં સ્પષ્ટ યોગ્ય રજૂઆત કરી શકે છે.

ઉપરોક્ત કેસ સ્ટડીના આધારે આપના મંતવ્યો જણાવો.

(1) શું આપના તાલુકામાં કેજીબીવી છે ? હા, તો કઈ જગ્યાએ ?

(2) કેજીબીવી કન્યાઓના શિક્ષણમાં મદદરૂપ થઈ શકે ?

(3) કેજીબીવીમાં પ્રવેશ અપાવવા માટે આપ કેવી રીતે કન્યાઓને મદદરૂપ થશો ?

(4) કેજીબીવીમાં અપાતુ શિક્ષણ અને સામાન્ય શાળામાં અપાતા શિક્ષણમાં ફેર છે ? હા, તો શા માટે ?

**કેસ સ્ટડી - 3**

**જીવન વિજેતાને ઘડતું નથી, પણ વિજેતા "જીવનને ઘડે છે"**

પંચમહાલ જિલ્લાનો કડાણા તાલુકો આદિવાસી બાહુલ્યતા ધરાવતો વિસ્તાર, જેમાં વસતા લોકોનો મુખ્ય વ્યવસાય વરસાદ આધારિત સ્થાનિક ખેતી. જેઓ છુટક મજુરી, તેમજ જંગલ પેદાશો પર નિર્ભર છે. આ પરિસ્થિતિમાં લોકો મહદ્અંશે સ્થળાંતર કરે છે. ખાસ કરીને બાળકો પણ માતા-પિતાને આર્થિક મદદ કરતા હોય છે.

આવા સંજોગોમાં કડાણા તાલુકાના સરસ્વા ગામની વાદી કોમ્યુનીટીની બાળા "મીના" જે 90% વિકલાંગતા (કમરથી નીચેનો ભાગ) ધરાવતી હતી. અન્ય કન્યાઓની જેમ તેનું પણ સ્વપ્ન હતું કે હું પણ ભણું, નિશાળે જઉં.... પણ તેના પગની વિકલાંગતાને કારણે સામાન્ય શાળામાં ભણવું તેના માટે સ્વપ્ન બની ગયેલ. આવા સંજોગોમાં પણ તેની શારિરીક પરિસ્થિતિને તેણે તેની માનસિક પરિસ્થિતિ પર હાવી થવા દીધી ન હતી. તે ઘરે બેઠાં ઘરકામ, રસોઈકામ કરતી. તેના નાના ભાઈ બહેનને સંભાળતી. આવા સંજોગોમાં તેના માતા-પિતા તેને શાળામાં મૂકવા તૈયાર ન હતા. ત્યારે કન્યા શિક્ષણ માટે કેજીબીવી ડીંટવાસ દ્વારા ઘેર-ઘેર થતા રૂબરૂ સંપર્ક દરમિયાન આ બાળા તથા તેના વાલી સાથે સંપર્ક કરવામાં આવ્યો. વારંવારની મુલાકાત તથા ભાર પૂર્વકની સમજથી વાલી મીનાને કેજીબીવીમાં મૂકવા તૈયાર થયા. આમ, મીનાને "જીવન" વાવવા માટે જાણે નવી દિશા મળી.

શરૂઆતમાં અન્ય કન્યાઓ સાથે મીના હળી મળી શકતી ન હતી. પરંતુ, શિક્ષિકા બહેનો અને બાળાઓના વાત્સલ્યપૂર્ણ વ્યવહારથી મીના હળવા-મળવા લાગી. મીનામાં અભ્યાસ અર્થે રસ-રૂચિ જાગ્યાં, તેનામાં લેખન, વાંચન, ગણન, કથન કૌશલ્ય ઉપરાંત કમ્પ્યૂટર શિક્ષણ તેમજ પોતાને ગમતી અન્ય સ્કીલ જેવી કે, ભરત ગૂંથણ, સિલાઈ કામ, ઉનનું તોરણ, ખજૂરી કામ-વાંસકામની વિવિધ વસ્તુઓ બનાવવી જેવી પ્રવૃત્તિઓમાં પ્રગતિ હાંસલ કરી શકી. મીનાને લગ્નગીત-લોકગીતો ગાવાનો પણ ખૂબ જ શોખ છે.

આજે તે કેજીબીવીમાંથી એટલું શીખી છે કે આગળ જતાં તે પોતે પોતાનો "જીવન નિર્વાહ ચલાવી શકે. મીનાનું સ્વપ્ન છે કે જો તેને હજુ વધુ સાથ-સહકાર મળે તો કમ્પ્યૂટર શિક્ષણમાં આગળવધી અન્યને તાલીમ આપી શકે તેવા વર્ગો ખોલી સ્વ નિર્ભરતા કેળવવી છે. મીના કેજીબીવીમાં ધો. - 8 પૂર્ણ કરી ધો. - 9માં શ્રી. શબરી કન્યા વિદ્યાલયમાં હાલ શિક્ષણ મેળવી રહી છે.

વર્ષ 2008માં પોતાની દીકરીને જે માતા-પિતા ભણાવવા માંગતા ન હતા, મીના ભણીને શું કરશે ? તેને તો પછી ઘર જ સંભાળવાનું છે, સાસરે મોકલી દઈએ એટલે છૂટ્યા, અને આમેય દીકરીના ભણતરનું કોઈ વળતર નથી એવું માનનારા માતા-પિતા આજે મીનાની બદલાયેલ પરિસ્થિતિ જોઈને ગૌરવની લાગણી અનુભવે છે. તેઓ કહે છે કે, કેજીબીવીમાં જઈને મારી દીકરીની વિકલાંગતા ક્યાંય અદૃશ્ય થઈ ગઈ. તેઓ આજે શિક્ષણથી વંચિત કન્યાઓને કેજીબીવીમાં મૂકવા રાહ ચિંધે છે અને દીકરીને શિક્ષણ આપવાની જુસ્સાભેર તરફેણ પણ કરે છે.

(1) વિકલાંગતા અને શિક્ષણ અલગ મુદ્દા છે ? વિકલાંગતા ધરાવતા બાળકો સામાન્ય શિક્ષણ સાથે ન ભણી શકે ? આપના મંતવ્યો નોંધો.

(2) કન્યાઓમાં વિકલાંગતા હોવી અને શિક્ષણ દ્વારા તેઓને પગભર બનાવવી તે હજુ એક સ્વપ્ન છે ? હા/ના આપના મંતવ્યો.

**પૂરક વાંચન સામગ્રી - કન્યા શિક્ષણ**

સમાજના સર્વાંગી વિકાસના પાયાની જરૂરીયાતમાં શિક્ષણ સૌથી અગત્યનું છે. શિક્ષણ એ સાંસ્કૃતિક પરિબળ છે. શિક્ષણ સામાજીક, નૈતિક, માનસીક અને આર્થિક સ્તરને ઉચું લાવવામાં સિંહ ફાળો ભજવે છે. જે નિર્વિવાદ સત્ય છે. ખાસ મહત્ત્વની બાબત એ છે કે શિક્ષણ "વનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરવાની સૂઝ કેળવવા માટે, અન્યને પોતાની વાત સમજાવવા માટે, "વન કૌશલ્યોનો વિકાસ અને મહત્ત્વના નિર્ણયો લેવા માટે પાયાનું સ્થાન ધરાવે છે. એક ઉત્તમ સમાજનું નિર્માણ કરવું હશે તો શિક્ષણને પાયાની શરત છે.

આમ આપણે સૌ શિક્ષણના મહત્ત્વથી વાકેફ છીએ. સમાજના મુખ્ય બે આધાર સ્તંભો છે. (1) (એક) સ્ત્રી અને (2) (બે) પુરુષ. બંને આધાર સ્તંભો જેટલા મજબૂત તેટલો સમાજ પણ વધુ મજબૂત. સમાજનું અડધું અંગ એટલે સ્ત્રીઓ. જો સમાજનો સર્વાંગી વિકાસ કરી એક ઉત્તમ સમાજનું નિર્માણ કરવું હશે તો સ્ત્રી શિક્ષણ અનિવાર્ય છે. વધુમાં

**"Study after study has taught us that there is no tool more effective for development than the emprowement of women"** **– UN - Secretary General Kofi Annan**

**શું આ વાત સાચી નથી ?**

- સ્ત્રી થકી સમાજનું અસ્તિત્વ છે. પૃથ્વી પર મનુષ્ય તરીકે જન્મ મેળવવો એ ફક્ત માતાના ઉદર થકી જ શક્ય છે અને સ્વસ્થ મનુષ્યની શારીરિક રચનાની કલ્પના કરવી પણ સ્ત્રી વિના શક્ય નથી. જો સ્ત્રીના મહત્ત્વને સમાજ સ્વીકારતો થાય અને સાથે સાથે આત્મસાત કરતો થાય તો સમગ્ર સમાજનો સમાનતાથી વિકાસ થઈ શકે છે.
- સમાજના વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય બાબત છે. સમાજનો અડધો અડધ હિસ્સો સ્ત્રીઓ છે. જો સમાજનો અડધો હિસ્સો નિરક્ષર હોય તો સમાજ ક્યારેય પ્રગતિ કરી શકે નહિ. જેથી, સ્ત્રી શિક્ષણ પણ એટલું જ મહત્ત્વનું છે.

**શિક્ષણમાં સમાનતા :**

**કન્યા શિક્ષણ - જેન્ડર એજ્યુકેશન**

જેન્ડર એજ્યુકેશન એ શિક્ષણનો પાયાનો ઘટક છે. શિક્ષણનો મુખ્ય આશય જ એ છે કે સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતા ઊભી કરવી.

શિક્ષણ એટલે શું ? ગુણવત્તાવાળું શિક્ષણ એટલે શું ? શિક્ષણ અને સશક્તિકરણ કેવી રીતે એક સિક્કાની બે બાજુઓ છે તથા જેન્ડર પરસ્પેકટીવ કેવી રીતે વર્ગ-વ્યવહાર કરવો અને એમાં શિક્ષકો, બાળકો તથા સમુદાય કેવી રીતે ભાગ ભજવી શકે તથા લોકશાહી મૂલ્યોને કેવી રીતે સ્થાપિત કરી શકે તે અંગેની સમજ અહીં આપવા પ્રયત્ન કરેલ છે.

જેન્ડર એજ્યુકેશનનો મુખ્ય હેતુ કુમાર-કન્યા બંનેને સમાન તક આપીને બંનેને સમાન રીતે માનસિક, શારીરિક વિકાસ થાય તે અંગેનો છે. જેથી સ્થાયીકરણનો દર વધે તથા ગુજરાતનું એક એક બાળક ધો.-8 સુધીનું શિક્ષણ પૂર્ણ કરે, આગળ શિક્ષણ લેવા પ્રેરાય અને તેનો સર્વાંગી વિકાસ થાય તે અંગેનો છે.

**જેન્ડર ગેપ એટલે શું ?**

સ્ત્રી તથા પુરુષના સાક્ષરતા દર વચ્ચેના તફાવતને જેન્ડર ગેપ કહે છે. (દા.ત. જો સ્ત્રી સાક્ષરતા દર 21.5% હોય તથા પુરુષ સાક્ષરતા દર 35.5% હોય તો જેન્ડર ગેપ 14.00% થાય.) પરંતુ આપણે શિક્ષણ માટે કહીએ તો કન્યા અને કુમારના નામાંકનમાં તફાવત એ શાળાનો જેન્ડર ગેપ કહેવાય. આ જેન્ડર ગેપ શૂન્ય થાય ત્યારે આદર્શ પરિસ્થિતિનું નિર્માણ કરી શકાય, હા પણ અહીં સ્ત્રી-પુરુષના જન્મદરને ધ્યાને લેવો જોઈએ, તેના સંદર્ભમાં તમામ કન્યા-કુમારનું નામાંકન અને શિક્ષણમાં સમાનતા નક્કી થાય છે.

| કુદરતી તફાવત | સામાજિક તફાવત |
|---|---|
| સ્ત્રી પુરુષ વચ્ચેના શારીરિક તફાવતને કુદરતી તફાવત છે. | છોકરા-છોકરી સ્ત્રી પુરુષ વચ્ચે સમાજ દ્વારા ઊભા કરવામાં આવેલા ભેદભાવોએ સામાજિક તફાવત છે. જેને આપણે જેન્ડર કહીએ છીએ. |
| કુદરતી તફાવત જન્મથી જ હોય છે. | અલગ-અલગ ઉછેર (સામાજિકરણની પ્રક્રિયા દ્વારા) ઊભો થાય છે. |
| સ્થળ, સમય, દેશ કે સંસ્કૃતિમાં એક સરખો જ હોય છે. | સામાજિક ભેદભાવ સ્થળ, સમય, દેશ, ધર્મ, સંસ્કૃતિ પ્રમાણે અલગ હોય છે બદલાયા કરે છે. |
| કુદરતી હોય બદલી શકાતો નથી. | સમાજે બનાવ્યો હોવાથી બદલાય છે અને હજુ પણ બદલાવાની પ્રક્રિયા ચાલુ જ છે. |

શિક્ષણના આટલાં મહત્ત્વને સ્વીકારવા છતાં કયા કારણોથી કન્યા શિક્ષણમાં નિરસતા જોવા મળે છે ? અતિ છેવાડાના વર્ગનો સમુદાય, કન્યા શિક્ષણ પ્રત્યે નિરસતા સેવે છે ? આ માટે પ્રશ્નોને સમજીએ અને તેને નિવારવા માટે અસરકારક વાતાવરણનું નિર્માણ કરીએ.

- કન્યાઓ માટે કઈ કઈ વિચાર સરણી/માન્યતાઓ સમાજ ધરાવે છે ?
- આ માટે કઈ કઈ બાબતોને જવાબદાર ગણાવી શકાય ?

- આજે પણ કન્યાને નાની ઉંમરે પરણાવી દેવામાં આવે છે ? હા, તો શા માટે ?
- માતા-પિતા કન્યાના શિક્ષણ પાછળ નાણાં અને સમયનો વ્યય કરતા ખચકાય છે ?
- શિક્ષણ અને સ્વાસ્થ્ય શું એકબીજા સાથે સંકળાયેલા છે ? જો હા, તો કઈ રીતે ?
- કન્યા શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી બાબતોમાં સમાજ કેમ જાણે અજાણે દુર્લભ સેવી રહ્યો છે ?
- કન્યા શિક્ષણમાં વાલી/સમાજ રસ લેતાં થાય તે માટે શું કરી શકાય ?

**કન્યા શિક્ષણને માટે શાળા/વર્ગખંડ કક્ષાએ શિક્ષકની ભૂમિકા :**

- શાળા અને સમાજમાં પોતાની ભૂમિકાની અગત્યતા સમજી શિક્ષકે ગામની દરેક શાળામાં 100% નામાંકન કરાવવું.
- ગામમાં રહેતી એકપણ કન્યા શાળા બહાર ના રહી જાય તે માટે સર્વ શિક્ષા અભિયાનની દરેક યોજનાની જાણકારી મેળવી કન્યાઓને તેનો લાભ મળે તેવા પ્રયત્નો કરવા.
- કન્યાઓનું શાળામાં નામાંકન તેમ જ સ્થાયીકરણ થાય તે માટે પ્રવેશોત્સવ, એમ.એમ.સી. મિટિંગ, વાલી જાગૃતિ અભિયાન, મીના કેમ્પેઈન જેવા કાર્યક્રમો યોજી શકાય.
- શાળામાં કન્યોને વિષયવસ્તુમાં રસ વધારવા, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.
- વર્ગખંડ અને વર્ગખંડ બહારની પ્રવૃત્તિઓમાં કુમાર અને કન્યા સમાન રીતે ભાગ લઈ શકે તે માટે શિક્ષક દ્વારા આયોજન કરી શકાય.
- કન્યાને મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે કક્ષાએ કાઉન્સેલિંગ સેન્ટર શરૂ કરવા, શાળા કક્ષાએ પ્રશ્ન પેટી મૂકવી તેમ જ શિક્ષક અથવા નિષ્ણાત દ્વારા તેનું નિરાકરણ લાવવું.
- વાલીઓ કન્યાઓને શાળામાં નિયમિત મોકલે તે માટે શિક્ષકો દ્વારા ઘર ઘર મુલાકાત, મીના ફિલ્મ, એસએમસીની માસિક મિટિંગ, ફળિયા મિટિંગ, વાલી સંમેલન જેવી પ્રવૃત્તિઓ કરી શકાય.
- શાળામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કન્યાને વાલી મિટિંગ કે માતા સંમેલન કાર્યક્રમો અંર્તગત પ્રોત્સાહિત કરી શકાય.
- જે તે સમાજની ઉચ્ચ શિક્ષણ મેળવેલ કન્યાને સંમેલન અંતર્ગત આમંત્રિત કરી સમાજની રોલ મોડેલ કન્યા તરીકે રજૂ કરી સમુદાયને કન્યાશિક્ષણની પ્રેરણા પૂરી પાડી શકાય.
- કન્યાઓમાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવવા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું તેમ જ વિવિધ કૌશલ્યોની તાલીમ જેવી કે લાઠી-લેઝીમ, જૂડો-કરાટે, ચોક્કસ રમતની તાલીમ, ગીત-સંગીતની તાલીમ વગેરે તાલીમનું આયોજન કરવું.
- કુમાર-કન્યાની સરખી ભાગીદારીમાં બંનેની હકારાત્મક સિદ્ધિની પ્રશંસા કરવી.
- કુમાર-કન્યા બંનેના અભિપ્રાય માટે પ્રેરિત કરવા.
- કુમાર-કન્યાન કાર્યભારની વહેંચણીમાં સમાનતા.
- વાર્તા/કહેવતો બંને પાત્રોની સમાનતા દર્શાવે તેવા હોય.
- કુમાર-કન્યા સમાનતા અને સહિયારા પ્રયાસથી કરી શકે તે મુજબનું કથન, વર્તન કરવું.
- વિવિધ પ્રવૃત્તિમાં ખાસ વર્ગ શિક્ષણમાં કન્યા અને કુમાર દ્વારા અલગ-અલગ થતી પ્રવૃત્તિ બંને દ્વારા હળીમળીને થઈ શકે તે રીતે દર્શાવવી.
- શૈક્ષણિક કાર્યમાં જાતિય ભેદભાવ ન રહે તેવી તકેદારી રાખવી.
- સ્ત્રીઓની વિવિધક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ અંગેના ઉદાહરણ પૂરાપાડવા.
- સ્ત્રી-પુરુષ સમાન છે સમાન બુદ્ધિ શક્તિ ધરાવે છે. તેવા દૃષ્ટિકોણ અને અભિગમથી જ શિક્ષણ પૂરું પાડવું.
- રમતના મેદાન પર કુમાર-કન્યા બંને સમાન રીતે રમી શકે તે રીતે રમતનું આયોજન કરવું. (દા.ત. કબ્બડ્ડી, ખો-ખો સામ સામે કુમાર અને કન્યાની ટીમ બનાવીને રમાડી શકાય.)

• • •